ॐ

નમઃ સિદ્ધેભ્યઃ

# અનુભવ પ્રકાશ પ્રવચન

(સાધર્મી શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત શ્રી અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉપલબ્ધ અક્ષરશઃ પ્રવચનો)

પ્રકાશક

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક

**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**

મુંબઈ

વિક્રમ સંવત ૨૦૭૫

વીર સંવત ૨૫૪૫

ઈ. સન ૨૦૧૯


**પ્રકાશન**

તા. ૧૭-૮-૨૦૧૯, શ્રાવણ વદ ૨

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૧૦૬મી જન્મ જયંતી



**પ્રાપ્તિ સ્થાન**

૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,

સોનગઢ (સૌરાષ્ટ્ર)-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪

૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ

૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,

વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬

ફોન-(૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬

www.vitragvani.com, email-info@vitragvani.com



ટાઈપ સેટિંગ

પૂજા ઈમ્પ્રેશન્સ

ભાવનગર

મો. ૯૭૨૫૨૫૧૧૩૧

## પ્રકાશકીય નિવેદન

પ્રવર્તમાન જિનશાસન મહાવીર ભગવાનના નામે સુપ્રસિદ્ધ છે. જિનશાસન જયવંત વર્તવામાં ભગવાનની દિવ્યધ્વનિથી લઈને આચાર્યોની પરંપરા તથા કાળક્રમાનુસાર તેમાં થયેલા સમ્યગ્દષ્ટિ સત્પુરુષોનું મહત્ યોગદાન છે. સર્વ સંત ધર્માત્માઓએ સ્વયંની મૌલિક શૈલીમાં સશક્ત લેખનીમાં સ્વાનુભવને યત્કિંચિત્ વ્યક્ત કરી મહાન મહાન ઉપકાર કર્યો છે. સ્વાનુભવગમ્ય રત્નત્રયમયી મોક્ષમાર્ગ નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશા છે તેને લેખનીમાં ઉતારવી એ કોઈ મહાન પુરુષ જ કરી શકે.

'અનુભવ પ્રકાશ' ગ્રંથ એક નાનકડો પણ અનુભવપદ્ધતિને, અનુભવરસને વ્યક્ત કરનારો ગ્રંથ છે. અનુભવ પ્રકાશ ગ્રંથના રચયિતા શ્રી દીપચંદજી કાસલીવાલ છે. તેઓ આમેરના રહીશ છે. તેઓશ્રીના જીવન સંબંધિત વિશેષ કોઈ જાણકારી ઉપલબ્ધ નથી, પરંતુ સદ્ભાગ્યવશ તેઓશ્રી દ્વારા રચાયેલા ગ્રંથો આજે પણ મોજૂદ છે. અનુભવ પ્રકાશ ગ્રંથ સિવાય તેઓશ્રીની અન્ય કૃતિઓ પણ તેટલી જ સ્વાનુભવરસથી છલોછલ છે. આત્મ અવલોકન, ચિદ્વિલાસ, અધ્યાત્મ પંચ સંગ્રહ, જ્ઞાનદર્પણ, પરમાત્મપુરાણ છંદ, સ્વરૂપાનંદ, ગુણસ્થાનભેદ, ઉપદેશરત્ન છંદ, અધ્યાત્મપચ્ચીસી આદિ ગ્રંથો પ્રસિદ્ધ છે.

અનુભવ પ્રકાશ ગ્રંથ પ્રયોગાત્મ પદ્ધતિનો ગ્રંથ છે. શ્રી દીપચંદજીનું મૂળ લખાણ ઢુંઢારી ભાષામાં છે, ત્યારપછી તેનો ગુજરાતી તથા હિન્દીમાં અનુવાદ પ્રસિદ્ધ થયેલ છે. આ ગ્રંથમાં તેઓએ આત્માનું સ્વરૂપ, સ્વરૂપ પ્રાપ્તિનો ઉપાય, સાધ્ય-સાધક અધિકાર, અનુભવનું વર્ણન, સમાધિ વર્ણન ઈત્યાદિ નાના નાના ભાવવાહી અધિકારો લખેલ છે. પ્રત્યેક પૃષ્ઠ અનુભવરસથી છલોછલ છે. નાના પેરેગ્રાફમાં તેઓએ મુમુક્ષુને સચોટ માર્ગદર્શન મળી રહે તે પ્રમાણે લેખની કરી છે. દષ્ટાંત રૂપે લઈએ તો તેઓએ મુમુક્ષુની ભૂમિકામાં મોક્ષમાર્ગ પર્યંત પહોંચવા માટે જે મુમુક્ષુ નિજ સ્વરૂપની ખોજ કેવી રીતે કરે છે તેનું ભાવવાહી વર્ણન તેઓએ કર્યું છે. ત્યારબાદ નાના નાના વચનોમાં તેઓએ વિધિનો વિષય વ્યક્ત કર્યો છે. '**મારું જ્ઞાન તે જ હું છું, પર વિકાર પર છે. જ્યાં જ્યાં જાણપણું ત્યાં ત્યાં હું એવો દઢભાવ તે સમ્યક્ત્વ છે.**' આદિ હૃદયસ્પર્શી વચનો મુમુક્ષુજીવને અચુક પથપ્રકાશનું કાર્ય કરી જાય છે. સરળ ભાષામાં અનેક દષ્ટાંતો આપીને સિદ્ધાંત સમજાવવાની તેમની પદ્ધતિ અતિ રસાળ છે. અધ્યાત્મ રસિક જીવોને એક એક વાક્યના ચિંતનમાં કલાકો નીકળી જાય એવી તેમની શૈલી છે.

પ્રવર્તમાન જિનશાસનના અજોડ સંત આત્મજ્ઞ સત્પુરુષ, ભાવિ તીર્થાધિનાથ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સાંપ્રત મુમુક્ષુ સમાજ ઉપર અનન્ય ઉપકાર વર્તી રહ્યો છે. સમસ્ત ગ્રંથોમાં નિહિત અધ્યાત્મવિદ્યાને ઉજ્જ્વળ કરીને જિનશાસનને જયવંત કર્યું છે. અનેક વખતે તેઓશ્રી પ્રવચનમાં ફરમાવે છે, અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સીમંધરનાથ ભગવાન જે ફરમાવી

રહ્યા છે તે અત્યારે અહીંયા કહેવાઈ રહ્યું છે. અહો..! એક ભાવિના તીર્થંકર બીજા વર્તમાનના તીર્થંકરની દિવ્યધ્વનિને પ્રકાશી રહ્યા છે!! અત્રે પંચમકાળને ચતુર્થ કાળમાં પરિવર્તિત કરનાર કહાનગુરુદેવના અવિસ્મરણીય ઉપકારો શાશ્વતપણે હૃદયાંકિત રહો.


પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરત ધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્ય દેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી. તથા વેબ સાઈટ (www.vitragvani.com) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો સામાન્યજન લાભ લે કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપરના અલગથી ઉપલબ્ધ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપરના સંકલિત પ્રવચનો પણ પહેલા શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પ્રકાશિત થયેલ છે. પ્રસ્તુત બે પ્રવચનો પાછળથી પ્રાપ્ત થયેલા પ્રવચનો છે. પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્‌ભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ચરણકમળમાં સાદર સમર્પિત કરીએ છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્યરચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય પૂજા ઈમ્પ્રેશન્સ તથા શ્રીમતી વીણાબેન નંદુ, વિલેપાર્લા દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી સુધીરભાઈ શાહ, સુરત તથા શ્રી અતુલભાઈ જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે. જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશનકાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. ટ્રસ્ટ મુમુક્ષુગણને વિનંતી કરે છે કે અશુદ્ધિઓ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો www.vitragvani.com ઉપર ઉપલબ્ધ છે.

પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઈતિ શિવમ્.

ટ્રસ્ટીગણ<br>
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,<br>
વિલેપાર્લા, મુંબઈ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના 'ઉમરાળા' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં જ રૂંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળીકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષિતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જ્વળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : 'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...'

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે.

સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ

કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરે છે 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્યપળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિહ્ન મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : 'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી

કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી જૈન સ્વાધ્યાય મંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાય મંદિર' જીવન-પર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્‌ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી છે. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલ વાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તક રૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા

વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઈ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઈ. સ. ૧૯૪૧ થી ઈ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઈ. સ. ૧૯૫૯ અને ઈ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યા અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની

દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ ૭, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો

કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છે :

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.
૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.
૩. ઉત્પાદ, ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.
૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.
૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.
૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.
૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.
૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.
૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.
૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન સ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો!

## અનુક્રમણિકા


| પ્રવચન ક્રમાંક | તારીખ | અનુભવ પ્રકાશ પુસ્તક પૃષ્ઠ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|---|
| ૦૧ | ૦૨.૦૧.૧૯૫૩ | પૃષ્ઠ-૪૦થી ૪૨ | ૦૧ |
| ૦૨ | ૧૯.૦૧.૧૯૫૩ | પૃષ્ઠ-૭૧ | ૧૯ |



# સાધર્મી શ્રી દીપચંદજી કાસલીવાલ

ૐ

परमात्मने नमः।

# અનુભવ પ્રકાશ પ્રવચન

(સાધર્મી શ્રી દીપચંદજી કાસલીવાલ રચિત શ્રી અનુભવ પ્રકાશ ગ્રંથ ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ઉપલબ્ધ અક્ષરશઃ પ્રવચનો)

**પોષ વદ ૨, શુક્રવાર તા. ૨-૧-૧૯૫૩**
**પાના નં.-૪૦ થી ૪૨, પ્રવચન-૧**

એમાં ૪૦ પાનું છે ને એમાં? ત્યાંથી ફરીને લઈએ. પેરેગ્રાફથી. ૪૦થી ફરીને લઈએ છીએ. આખો એનો સંબંધ છે ને.

આ 'અનુભવપ્રકાશ' ગ્રંથ છે. અનુભવપ્રકાશ એટલે શું? આત્મા જે અનાદિનો પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાન, હરખ અને શોક એવા વિકારભાવને અનુભવે છે તે સંસાર છે. એ વિકારભાવ રહિત જ્ઞાનાનંદ શુદ્ધ ચિદાનંદ આત્મા જ્ઞાન અને આનંદની મૂર્તિ છું એવા નિત્યાનંદ ધ્રુવ સ્વભાવનું અવલંબન લઈને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન અને રમણતાનો અનુભવ કરવો તેને અનુભવપ્રકાશ કહે છે. એને ધર્મ કહે છે અને એનું નામ મોક્ષમાર્ગ છે. એથી અહીંયાં ઉપદેશ કરે છે. જો તમને આત્માનો અનુભવ કરવો હોય;... અનુભવ કહો, ધર્મ કહો, મોક્ષમાર્ગ કહો, મોક્ષના કારણરૂપ આત્માની વીતરાગી દશા કહો, બધું એક જ છે. જો અનુભવ આત્માનો કરવો હોય, ધર્મ કરવો હોય, શાંતિ જોઈતી હોય, સુખી થવું હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે શક્તિરૂપે દ્રવ્યમાં છે તેને વ્યક્ત નામ પ્રગટ કરવા હોય તો અમે કહીએ છીએ તે દૃષ્ટિએ અનુભવ કરો. એ સિવાય કોઈ રીતે અનુભવ થઈ શકે

નહિ. એ વાત અહીંયાં ચાલે છે.

'..**નિહારો...**' હે ભગવંત! હે આત્મા! હે ચિદાનંદ! એમ સંબોધે છે. ગુજરાતીમાં 'બરાબર નિહાળો' એમ શબ્દ છે ને તમારે? આ હિન્દી વંચાય છે. આ ચિદાનંદ ભગવાન આ શરીર દેવળમાં આ માટી ધૂળ છે, અજીવ પુદ્‌ગલ છે એમાં નિકે નિહારો. એક જરીક સંભાળ કરીને જુઓ કે હું કોણ છું આ?

'**ઈસ શરીર મંદિરમેં યહ ચેતનદીપક શાશ્વત હૈ.**' આ શરીરરૂપી મંદિરમાં આ ચેતનનો દીવો શાશ્વત છે. એ શ્લોકમાંથી ઉપાડ્યું છે. ભાઈ! આ (સમયસારની) ૧૪મી ગાથાનો (૧૨મો) શ્લોક છે ને. એમાં આ શબ્દ છે એમાંથી આ આખું લીધું છે. સમજાય છે? છે ને શાશ્વત? એ શરીર મંદિરને વિશે ભગવાન આત્મા ચેતન જાણનાર-દેખનાર દીવો છે. એ શાશ્વતો છે, એ નિત્ય છે, ધ્રુવ છે, સદશ્ય સ્વભાવી કાયમી રહેનારી ચીજ છે. તેને જરી બરાબર નિહાળો, અંદર જુઓ કે મારું સ્વરૂપ ત્રિકાળી કેવું રહ્યું છે. આ એને જોવું અને અનુભવવું એનું નામ ધર્મ છે.

'**મંદિર (શરીર) તો છૂટતા હૈ,...**' ધ્યાન રાખજો. શરીર તો છૂટે. '**પરંતુ શાશ્વત રત્નદીપક જ્યોં કા ત્યોં રહતા હૈ.**' ભગવાન જ્ઞાનમૂર્તિ છે આત્મા તો. જેમ ખારનો ગાંગડો મીઠું, જેમ સફેદનો ગાંગડો ખડી એમ ભગવાન આત્મા તો જ્ઞાન અને આનંદનો ગાંગડો છે. જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. એની પર્યાય, પર્યાય નામ અવસ્થામાં જે પુણ્ય-પાપ અને ભ્રાંતિ છે. એ તો એક સમયનો વિકાર છે. મૂળ નિત્ય સ્વભાવની દૃષ્ટિ કરો તો એમાં વિકાર કે ભ્રમ છે નહિ. એ સ્વભાવનો અનુભવ કરતાં શાશ્વત '**રત્નદીપક જ્યોં કા ત્યોં રહતા હૈ.**' દેહદેવળમાં કાર્મણ શરીર, તેજસ શરીર અને ઔદારિક—આ ત્રણ જડ માટી. એમાં ભગવાન આત્મા ચેતન દીવો છે. એને પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન, ભક્તિ-વ્રત, પૂજાના પરિણામ બધો વિકાર છે. બધો વિકાર છે. અધર્મ છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા, કામ, ક્રોધ, હિંસા, જૂઠું, વાસના એ બેય પરિણામ તે અધર્મ અને વિકાર છે. એના રહિત ચિદાનંદ ચૈતન્ય દીવો શાશ્વત એવો ને એવો પડ્યો છે. એની દૃષ્ટિ કરે, એની રુચિ કરે, એનું જ્ઞાન કરે અને એનો અનુભવ કરો. '**જ્યોં કા ત્યોં રહતા હૈ.**'

'**વ્યવહારમેં તુમ નટકી ભાંતિ અનેક સ્વાંગ ધારણ કરતે હો,...**' ભલે કહે છે કે ચિદાનંદ મૂર્તિ, જ્ઞાન અને આનંદ તો નિત્ય-નિત્ય કાયમ એનો એ છે. પણ વ્યવહારે તમે અનેક સ્વાંગ નામ ભેખ '**નટકી જો ધરે...**' નાટકીઓ જેમ ઘણા સ્વાંગને ધરે છતાં નટ તો નટ છે. નટે ગમે તેટલા વેશ પહેર્યા હોય, ગોરાના, ગરીબના. ઘડીકમાં ગોરો થાય યુરોપિયન, ઘડીકમાં બહુરૂપિયો ઘડીકમાં રાંક થાય, ઘડીકમાં સ્ત્રી થાય, ઘડીકમાં બાળક થઈ જાય, ઘડીકમાં કુતરો થઈ જાય, ઘડીકમાં બળદ થઈ જાય. બહુરૂપિયો ભાંડ એવા વેષ ધારણ કરે. પણ એ તો નટનો નટ છે.

એમ શાશ્વત ચિદાનંદ ભગવાન ગમે તેટલા વેષ ને ભેખ ને શરીર ને વાણી ને કર્મ ને પુણ્ય ને પાપના પરિણામ કૃત્રિમ ક્ષણિક કર્યા પણ વસ્તુ નિત્યાનંદ તો ચિદાનંદ તેનો તે છે. એમાં કાંઈ ખામી, ઓછપ થઈ નથી. અહીં સુધી આવ્યું હતું હવે.

'**જ્યોં કા ત્યોં રહે.**' એ તો દૃષ્ટાંત છે. નટ ગમે તેટલા વેશ ધારણ કરે, નટ તો નટ છે. નટ તો સમજે છે કે હું નટ છું. આ વેશ કાંઈ હું નટ છું નહિ. આ અનાદિના શરીર, કર્મ, વાણી, મન, પુણ્ય, પાપના વિકલ્પોનો ભેખ પહેર્યો, અજ્ઞાની માની બેસે છે કે એ સ્વરૂપ હું છું. અને નટ જુદા જુદા વેશ પહેરે એ ન માને કે નટ જુદા જુદા વેશમાં પેસી ગયો.

આ ચૈતન્ય નટ શાશ્વત જ્ઞાયક નિત્યાનંદ ધ્રુવ, એની પર્યાયમાં—અવસ્થામાં વિકાર અને શરીર આદિના સંયોગો અનેક અનેક થઈ ગયા. છતાં તે ભેખમય ચૈતન્ય રતન નિત્યાનંદ તે થયું નથી. એ તો નિત્ય ધ્રુવ સ્વરૂપ જે છે તેવું ને તેવું છે. એવા ધ્રુવ સ્વરૂપની દૃષ્ટિ કરવી એને સમ્યગ્દર્શન કહે છે. એને જૈનશાસનનો દેખનાર કહે છે. સમજાય છે કાંઈ? નિત્ય ચિદાનંદ ચૈતન્ય રતન. જેમ રતનના દિવાને ગમે તેવા પવનના ઝપાટા વાગે પણ રતનના દીવાની ઝળક કાંઈ આમ લળક ન ખાય. ઝળકમાં લળક ન ખાય. અગ્નિનો દીવો હોય આમ એને તો પવન વાગે, લવક આમ મચક ખાઈ જાય. રતનનો દીવો ગમે તેવા પવનના ઝપાટા હોય, રતન પાંચ લાખનું, દસ લાખનું, પચ્ચીસ લાખનું (હોય), એનું જે ક્ષેત્ર છે એને પવનના ઝપાટથી કાંઈ લળક, મચક ખાઈને કરમાઈને મોળું પડે નહિ. એમ ચૈતન્ય નિત્યાનંદ એક સમયની પર્યાયને ગૌણ કરી દે. નિત્યાનંદ સ્વભાવને જો તો ચૈતન્ય રતન સમ્યગ્દર્શનનું ધ્યેય, સમ્યગ્દર્શનનો વિષય, સમ્યગ્દર્શનનો આશ્રય, ધર્મનો જે આશ્રય દ્રવ્ય એવું ને એવું રહેલું છે. કહો, સમજાય છે કાંઈ?

જેમ એ નટે ઘણા વેશ પહેર્યા '**ઉસીપ્રકાર બદ્ધ એવં સ્પૃષ્ટભાવ કર્મકા હૈ.**' જરી હવે વાત આવી છે. 'સમયસાર'ની ૧૪મી ગાથા છે એનું આ સ્પષ્ટીકરણ છે. ટૂંકા શબ્દોમાં.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णयं णियदं।**
**अविसेसमसंजुत्तं तं सुद्धणयं वियाणीहि।।१४।।**

આ 'સમયસાર'ની ૧૪મી ગાથા. અને ૧૫મી પણ એ જ જાતની છે.

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

આ ૧૫મી ગાથા. એ ૧૪ અને ૧૫નો આ ટૂંકા શબ્દોમાં સાર છે. શું સાર છે? હે ભગવંત! હે ચિદાનંદ! એમ સંબોધે છે જીવને. હે જ્ઞાનાનંદ મૂર્તિ! તું તો જ્ઞાન અને આનંદનો કંદ છો. તારી પર્યાયમાં—અવસ્થામાં જેટલો વિકાર સંસાર પુણ્ય-પાપનો જણાય એ કાંઈ ખરું તારું સ્વરૂપ નથી. શરીર, કર્મ, જડ એ તો તારું સ્વરૂપ છે જ નહિ. માટે હે ચિદાનંદ!

તારે સમ્યગ્દર્શન અથવા જૈનશાસન જોવું હોય, જૈનશાસને કહ્યું એનો મર્મ તપાસવો હોય, વીતરાગના હૃદય અને એના મર્મ જોવા હોય તો અમે કહીએ છીએ તેમ જો.

'**બદ્ધ એવં સ્પૃષ્ટભાવ કર્મકા હૈ,...**' જે આત્મામાં કંઈ વિકલ્પ દયા, દાન, કામ, ક્રોધ, ભ્રાંતિ, અજ્ઞાન, રાગ, દ્વેષ, શુભ, અશુભ, શરીર, કર્મ બધું સ્પૃષ્ટ ભાવ કર્મનો છે. એ તારી ચીજ નથી. સમજાય છે કાંઈ? જેમ ઓલા નટે વેશ પહેર્યો એ વેશના લૂગડાં નટ રાખે બધાં, પણ જ્યારે ઘરમાં ખાવા બેસે ત્યારે એ લૂગડા પહેરીને ખાય નહિ. એ નટના લૂગડા પહેરે ત્યારે નટના હોય. ઓલા બીજા પહેર્યા હોય એ ન રહે. એમ હે ચિદાનંદ! તારો અનુભવ... ભાઈ! ખાવું એટલે અહીં તો એ લીધું છેને. આ 'અનુભવપ્રકાશ' છેને. આત્માનો આનંદનો ખોરાક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે અનુભવવો હોય તો, હે નટ! આ કામ, ક્રોધ, દયા, દાન, પુણ્ય, પાપ, વ્રત, અવ્રત બધો વિકાર ઝેર છે. અને એ કર્મનો સ્પૃષ્ટભાવ છે. કર્મના નિમિત્તે ઉપાધિભાવ થયેલો તારામાં છે. એ તારું મૂળ સ્વરૂપ નથી.

'**એવં સ્પૃષ્ટભાવ કર્મકા હૈ,...**' કોની પેઠે? હવે છ બોલ ઉતારશે છ બોલ. ત્યાં પાંચ લીધા છે. અહીંયા છને (લઈને) સ્પષ્ટ કર્યું છે વધારે. '**તથાપિ (જીવદ્રવ્ય) કમલપત્રકી ભાંતિ કર્મસે નહીં બંધતા, સ્પર્શિત નહીં હોતા.**' જુઓ! શું કહ્યું? જેમ કમલીનીનું પત્ર છે કમલીનીનું, એ પાણીમાં રહે છે પણ પાણીથી બંધાયેલું નથી. એટલે કે પાણી અને કમળને શ્લેષ, શ્લેષ—એકમેક સંબંધ થયો નથી અને એનો સ્પર્શ કમળીનું પાંદડું પાણી સાથે સંયોગમાત્ર પણ નથી. એ પાણીનું કમળ એ પાણીને સ્પર્શ્યું નથી. સમજાય છે કાંઈ? એ સ્પર્શ્યું નથી. ચીજ ભિન્ન છે એ એકબીજાને સ્પર્શી શકે નહિ. સાંભળો. અહીં ઉતરે છે, રેકોર્ડિંગ ઉતરે છે. સમજાય છે કાંઈ?

આત્મા... અહીં કમલીનીનો ન્યાય છે કે કમલીનીનું પત્ર, કમલીની પત્ર કી નાઈ. એ દૃષ્ટાંત છે. કમલીનીનું પત્ર પાણીથી સ્પર્શાયેલું નથી અને બંધાયેલું પણ નથી. પાણીથી નિર્લેપ કમળ રહે છે. પાણી અને કમળ બે ભિન્ન ચીજ છે. પાણી અને કમળ વચ્ચે અભાવ છે. પાણી અને કમળ વચ્ચે અભાવ છે. અભાવ ન હોય તો પૃથક્ બે પદાર્થ રહી શકે નહિ. માટે અભાવ છે. તો પાણી એ કમળને સ્પર્શ્યું નથી. અને શ્લેષ સંબંધરૂપે બંધન પણ થયું નથી. એ ન્યાય.

હવે સિદ્ધાંત. '**કર્મસે નહીં બંધતા, સ્પર્શિત નહીં હોતા.**' એમ ચિદાનંદ આત્મા કમળની પેઠે આ કર્મરૂપી જળ એનાથી બંધાયેલો નથી. એટલે કે શ્લેષ સંબંધ. જેમ ગુંદર અને લાકડા સાથે કાગળ ચોડવો હોય તો ગુંદર વચ્ચે નાખે અને શ્લેષ સંબંધ થાય છે. એમ ભગવાન અખંડ નિત્યાનંદ ધ્રુવસ્વરૂપ એને અને કર્મને સંશ્લેષ સંબંધ પણ નથી. પાણીના કમળને અને પાણીને શ્લેષ સંબંધ એકમેક નથી. એમ આત્મા ને કર્મ ને નોકર્મ, શરીર એકમેક નથી. શ્લેષ સંબંધ નથી એમ દૃષ્ટિ કર. આ જૈનશાસન. જ્ઞાનાનંદ નિત્યાનંદ આત્મા છું. એ સ્પૃષ્ટભાવ

બધો કર્મનો છે. મારા સ્વભાવમાં એ કર્મનો બંધ પણ નથી અને સ્પર્શ (નથી), આત્મા કર્મને સ્પર્શ્યો નથી. ઓહો..!

એક દ્રવ્ય બીજા દ્રવ્યને ત્રણ કાળમાં સ્પર્શે એમ બની શકતું નથી. ધ્યાન રાખજો. એક વસ્તુ બીજી વસ્તુને સ્પર્શે એમ બને નહિ. કેમ કે એકબીજામાં એકબીજાનો અભાવ છે. અભાવને સ્પર્શ કેમ હોય? એ તો ભાવ થઈ જાય છે. આત્મા કર્મને સ્પર્શ્યો નથી. દૃષ્ટિ કર ધ્રુવ ઉપર. સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય, ધર્મીનું ધ્યેય, જૈનશાસનના મર્મનું ધ્યેય કે કમળ જેમ પાણીને સ્પર્શ્યું નથી અને બંધાયેલું નથી. એમ ભગવાન આત્મા નિત્ય ચૈતન્ય શાશ્વત જે દીવો કહ્યો. નિત્યાનંદ ધ્રુવ જે સમ્યગ્દર્શનનો વિષય, જે સમ્યગ્દર્શનનું ધ્યેય એ ચૈતન્ય ધ્રુવ આત્મા કર્મથી શ્લેષ નામ એકરૂપ થયો નથી. એને સંયોગ પણ નથી. ભાઈ! કર્મને અને આત્માને સંયોગ પણ નથી. ધ્યાન રાખજો. કેમકે સંયોગ નિમિત્ત નૈમિત્તિક સંબંધનો વર્તમાન વ્યવહાર બતાવે છે. અને સ્વભાવ દૃષ્ટિમાં કર્મ ને રાગને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એ પર્યાયબુદ્ધિ વ્યવહારનયનો વિષય અભૂતાર્થ કરી નાખીને ભૂતાર્થ ચિદાનંદ નિત્યાનંદ ધ્રુવ છું એ સમ્યગ્દર્શનનો વિષય છે. માટે સમ્યગ્દર્શનનો વિષય આત્મા એ કર્મથી શ્લેષ નામ એકમેક પણ થયો નથી અને આત્મા કર્મને અડ્યો ને સ્પર્શ્યો પણ નથી. સમજાય છે કાંઈ?

જુઓ, બે બોલ થયા. **'કર્મ સે નહીં** બંધતા, **સ્પર્શિત નહીં** હોતા.' કઈ દૃષ્ટિએ? કર્મનો બંધ અને સ્પર્શ તો વ્યવહારનયે છે. વ્યવહારનયે છે. કેમ કે આત્મામાં રાગ થાય તે સ્વતંત્ર અપરાધ અને તેમાં કર્મ જડનું નિમિત્ત છે. પણ એ તો વર્તમાન ભૂતાર્થ વ્યવહારનયનો ભૂતાર્થ વિષય છે. વર્તમાન તેને જાણે છે. હવે ધર્મી જીવને એ વર્તમાન પર્યાયબુદ્ધિ છોડાવે છે. અને ધ્રુવ ચિદાનંદ નિત્યાનંદની બુદ્ધિ કરવી તે સમકિત છે. સમજાય છે કાંઈ? સમજવા જેવી વાત છે, ભાઈ! આ તો આખો જૈનશાસનનો મર્મ આવ્યો છે. ઘણા પૂછે છે ઓલા જુગલ કિશોરને પૂછે કે આ જૈનશાસન આ ૧૫મી ગાથામાં આવી ગયું એનું કારણ શું? પ્રશ્ન આવ્યો હતો છાપામાં હમણાં કે '**पस्सदि जिणसासणं सव्वं**' એનું કારણ શું? જૈનશાસન બસ આ ૧૫મી ગાથામાં એકમાં આવી ગયું?

**जो पस्सदि अप्पाणं अबद्धपुट्ठं अणण्णमविसेसं।**
**अपदेससंतमज्झं पस्सदि जिणसासणं सव्वं।।१५।।**

આ ૧૫મી ગાથા. તો અહીંયાં કહે છે, ભગવાન ચિદાનંદ શાંત થા. તારે જો સમ્યગ્દર્શન જોઈતું હોય, સમ્યગ્જ્ઞાન જોઈતું હોય ચૈતન્ય રતન દીવો જેવો છે એવો આ તને પત્તો તેનો મેળવવો હોય તો એકવાર નક્કી કર કે કર્મનો, શરીરનો મારી વર્તમાન પર્યાય ક્ષણિક અવસ્થા કૃત્રિમ એની સાથે સંબંધ છે, વ્યવહારનયે, વર્તમાન નયે. એ પર્યાયબુદ્ધિનો વિષય છે, એ વ્યવહારનો વિષય છે. એનું જ્ઞાન કરવા માટે બરાબર છે. હવે આદરણીય નહિ. એને વ્યવહાર તરીકે વ્યવહાર જો યથાર્થ તારે કરવો હોય તો તે કર્મથી આત્મા બંધાયેલો નથી, સ્પર્શાયેલો

નથી. એવી ચિદાનંદની ધ્રુવ શક્તિ છે તેની દષ્ટિ કર તો છતો ત્રિકાળ ભૂતાર્થ સમ્યગ્દર્શનના ધ્યેયમાં તને ખ્યાલમાં આવે. આ એનું નામ સમ્યગ્દર્શન કહે છે. એનું નામ જૈનશાસનનો મર્મ કહે છે. સમજાય છે કાંઈ?

જુઓ! અહીંયાં વાત બહુ ટૂંકી કીધી છે. ૧૪મી ગાથામાં ભગવાન 'કુંદકુંદાચાર્યે' સ્પષ્ટ કરી છે અને એનો વિસ્તાર ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મુનિએ ભાવલિંગી સંત જંગલમાં વિચરતા આનંદકંદમાં એને વિશેષ સ્પષ્ટ કરી નાખી છે. અહીં એનો સાર લઈને 'દીપચંદજી'એ અલ્પ સાર લઈને ભાવ મૂકી દીધો છે. વાત સમજાય છે? કે **'કમલપત્રકી ભાંતિ...'** ભગવાન આત્મા શાશ્વત દીવો નિત્યાનંદ. સમ્યગ્દષ્ટિનું ધ્યેય દ્રવ્યદષ્ટિ છે. દ્રવ્ય તે સમ્યગ્દર્શનનો વિષય છે. પર્યાય નહિ. પર્યાયનું જ્ઞાન કરે. જ્ઞાનમાં બેય વિષય આવે. ત્રિકાળ ધ્રુવ કહો, વર્તમાન વિકાર ને વિકાર ને કર્મને નિમિત્ત નૈમિત્તિક સંબંધ. કર્મથી વિકાર નહિ અને વિકારથી કર્મ નહિ. નિમિત્ત નૈમિત્તિક સ્વતંત્ર—પૃથક્ ભેદ કરવા માટે ... પણ તે વ્યવહારનયનું વર્તમાન પર્યાયનું જ્ઞાન કરવાનો વિષય છે. પણ એ વર્તમાન પર્યાયનું વ્યવહારનું યથાર્થ જ્ઞાન ક્યારે થાય? કે તેનું લક્ષ છોડી હું શાશ્વત આત્મા નિત્ય ધ્રુવ, કર્મથી શ્લેષરૂપે બંધન નથી અને કર્મનો સંયોગ ને સ્પર્શમાત્ર મારામાં નથી. એવી અંતર દષ્ટિ સન્મુખ કરવી એનું નામ નિશ્ચયનયનો, શુદ્ધનયનો વિષય કહેવાય છે. આ એનું નામ સમ્યગ્દર્શનનો વિષય કહો, શુદ્ધનયનો વિષય કહો, નિશ્ચયનયનો વિષય કહો. કહો, સમજાય છે?

**'નહીં બંધતા, સ્પર્શિત નહીં હોતા.'** આ બોલ દ્રવ્યનો લીધો ભાઈ! ધ્યાન રાખજો. ચાર બોલ ઉતરશે એમાં. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ અને પાંચમાં અનુભવની વાત માટે પાંચમો બોલ મૂકશે. શું કહે છે? ચાર બોલ છે કે નહિ? વસ્તુમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. ધ્યાન રાખજો જરી વિષય ઝીણો છે. તો આ એક દ્રવ્યની વાત કરી. ચૈતન્યદ્રવ્ય ધ્રુવ જ્ઞાયક એ કર્મથી શ્લેષરૂપે બંધન નથી અને તેને સંયોગમાત્ર સ્પર્શ પણ નથી. કેમકે વ્યવહારનો વિષય ઉડાવી અને દ્રવ્ય ત્રિકાળી એકરૂપ છે એ સમ્યગ્દર્શનનો વિષય છે. માટે કહે છે કે ચૈતન્ય શાશ્વત આ દેહમંદિરમાં ભિન્ન છે એની દષ્ટિ તું કર તો તને સમ્યગ્દર્શન થાય. એક વાત કરી.

હવે ક્ષેત્રની વાત કરે છે. ધ્યાન રાખજો. **'જિસપ્રકાર મિટ્ટી અન્ય-અન્ય ભાવ (આકાર) ધારણ કરનેપર ભી એક હૈ.'** શું કહે છે? માટી છેને માટી? માટી. એમાંથી ઘડો, શકોરુ, રામપાત્ર. શકોરાને રામપાત્ર કહે છેને. માટી છેને માટી? એમાંથી ઘડો વગેરે વગેરે એના વાસણો થાય છેને? આકાર-આકાર. માટીમાંથી જુદા જુદા આકાર થાય છેને? પણ કહે છે કે **'અન્ય-અન્ય ભાવ (આકાર) ધારણ કરનેપર ભી એક હૈ.'** માટીપણે એક છે. માટી સમજ્યા ને? માટીના ગમે તેટલા વાસણો થાય. ધ્યાન રાખજો. વાસણો, આકારો, છતાં માટી માટીરૂપે એક છે. એ એક એક વાસણની એક એક આકૃતિમાં આખી માટી પેસી ગઈ નથી. માટીરૂપે

સામાન્યરૂપે એક છે. જુઓ! આ ક્ષેત્રની અપેક્ષાથી વાત છે ભાઈ! શું ક્ષેત્રથી? માટી જે છે ધૂળ-ધૂળ પિંડ એનો. એના વાસણો ગમે તેટલા ૨૫-૫૦ થાવ. એ અનેકરૂપ માટીના વાસણના આકાર હોવા છતાં માટી તો એકરૂપ છે. માટી અનેકરૂપ થઈ નથી. એની પર્યાયની આકૃતિની વ્યંજનના પર્યાયો અનેકરૂપે થયા છે. દ્રવ્યરૂપે માટી તો આકાર એનો એકરૂપ રહ્યો છે. **'અન્ય અન્ય ભાવ (આકાર) ધારણ કરનેપર ભી એક હૈ,...'**

**'ઉસીપ્રકાર (જીવદ્રવ્ય) અન્ય-અન્ય પર્યાય ધારણ કરનેપર ભી એક હૈ.'** ધ્યાન રાખજો. આત્મભગવાન આ વ્યંજનપર્યાય એટલે અસંખ્ય પ્રદેશની આકૃતિની વર્તમાન પર્યાય. શરીર નહિ, વાણી નહિ, મન નહિ. આત્મા મનુષ્યના દેહ પ્રમાણે અસંખ્ય પ્રદેશી આકૃતિ વ્યંજનપર્યાયરૂપે પરિણમ્યો છે. વળી દેવપણે પરિણમે, મનુષ્યપણે પરિણમે, એમ સિદ્ધપણે પરિણમે. અથવા એ અનેક સંસારના ભવોમાં જ્યાં જ્યાં ભવ કરે ત્યાં ત્યાં આત્માના પ્રદેશત્વગુણને લઈને તેની વર્તમાન પર્યાયની વ્યંજન નામ આકૃતિની પર્યાય અનેક થવા છતાં એ આત્મા અસંખ્ય પ્રદેશી એકરૂપે છે. શું કીધું સમજાય છે? મુનિમજી! સમજાય છે આ? ભારે વાત ભાઈ ઝીણી.

આ સમ્યગ્દર્શનનો વિષય ચાલે છે. પહેલું તો દ્રવ્યને સમ્યગ્દર્શનનો વિષય કહ્યો. હવે ક્ષેત્રથી અભેદ વર્ણવે છે. માટીના ગમે તેટલા વાસણો થયા પણ માટી તો વ્યંજનપર્યાયની એક્કેય પર્યાયરૂપે થઈ જ નથી. એ તો માટી માટી રહી છે. એમ ભગવાન અસંખ્ય પ્રદેશી ચિદ્‌ઘન, અસંખ્ય પ્રદેશી એની આકૃતિના ક્ષેત્રની પર્યાય સમયે સમયે ભિન્ન ભિન્ન હોવા છતાં એ આત્માના અસંખ્ય પ્રદેશરૂપ દ્રવ્ય એ એકરૂપ રહ્યું છે. ક્ષેત્રની વ્યંજનપર્યાયો અનેક હોવા છતાં વસ્તુ તો એકરૂપ રહી છે. આ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ? હરખચંદભાઈ!

વ્યંજનપર્યાય છે પાછી હોં! એને કોઈ ઊડાવે તો મૂઢ છે અને એ વ્યંજન એટલે આકૃતિ સમય સમયની સ્વતંત્ર જીવની પર્યાયમાં થાય. જડ નહિ, શરીર નહિ, વાણી નહિ, મન નહિ. જેમ પાણીમાં, પાણીનું તપેલું હોય અને એ પાણી આમ આમ આકારે થાય છે એ પાણીનો પોતાનો આકાર છે. આમ પાણીનો આકાર તપેલાને લઈને નહિ, વાસણને લઈને નહિ. એ પાણીની વર્તમાન વ્યંજનપર્યાયનું સ્વરૂપ છે. એમ આ ચૈતન્ય શરીરના વાસણ પ્રમાણે નારકી, દેવ, ઢોર, મનુષ્ય જેવા નાના-મોટા પાતળા જાડા એના પ્રમાણે આકૃતિ થાય. રૂપી આકૃતિ. આની અહીં. પોતાના પ્રદેશગુણને લઈને સમય સમયનો જે આકૃતિ વ્યંજનપર્યાયરૂપ થાય એ અનેક વ્યંજનરૂપ પર્યાય થવા છતાં છે ખરી, પણ વર્તમાન વ્યંજનપર્યાય, વર્તમાન પર્યાય અને વ્યવહારનયનો વિષય છે. તેને જાણીને તે આદરવા જેવો નથી. અસંખ્ય પ્રદેશી સમ્યગ્દર્શનનો વિષય સામાન્ય દ્રવ્ય છે. માટે અનેક વ્યંજનપર્યાય થવા છતાં ભગવાન આત્મા એકરૂપ રહેલો છે. તે સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ?

જુઓ! પહેલામાં એમ કહ્યું હતું કે કર્મથી બંધાયેલ સ્પર્શ વ્યવહારનયે તો છે હોં! વ્યવહારનય

એટલે વર્તમાન પર્યાયમાં રાગ ને કર્મનો સંબંધ છે. પણ એ વ્યવહારનો વિષય આદરણીય નથી, અભૂતાર્થ છે.

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ ।**
**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो।।११।।**

આ ૧૧મી ગાથા સમયસારની. વ્યવહાર અભૂતાર્થ છે. વ્યવહાર છે તે બધો અભૂતાર્થ છે. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' સર્વજ્ઞોએ ભૂતાર્થને આશ્રયે શુદ્ધનય કીધી છે. અને ભૂતાર્થને આશ્રયે ત્રિકાળ દ્રવ્યને આશ્રયે જે દૃષ્ટિ કરે તેને સમ્યગ્દર્શન થાય છે. તો બે વાત લીધી. કર્મનો બદ્ધ અને સ્પૃષ્ટભાવ એક સમય પૂરતો છે, એટલો ભૂતાર્થ વ્યવહારનયે છે. નિશ્ચયની દૃષ્ટિ કરતાં, એ ભૂતાર્થ કીધો હતો એ નિશ્ચયથી અભૂતાર્થ છે. એવી દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે.

એમ આત્માના અસંખ્ય પ્રદેશની આકૃતિ સમયે સમયે બદલાયા કરે છે. અહીં પણ બદલાયા કરે છે. આમ શરીર થાય સંકોચ-વિકાસ તે જીવની પર્યાયનો ધર્મ છે. પણ એની પર્યાયનો ધર્મ છે. સ્વભાવ ત્રિકાળનો ધર્મ નથી. એ પર્યાયની સંકોચ-વિકાસ આકૃતિ વ્યંજનપર્યાય વ્યવહારનયે છે. છે એને ભ્રમ કહી દે કે છે જ નહિ, એ પણ ખોટો છે. અને અસંખ્ય પ્રદેશની વ્યંજનપર્યાયના ભવદીઠ આકૃતિ થઈ, એવો સમયનો પર્યાય તેનો આશ્રય કરીને ધર્મ કરવા માગે તો ધર્મ થતો નથી. ધર્મ તો અસંખ્ય પ્રદેશી પર્યાયની જુદી જુદી આકૃતિ તેને અભૂતાર્થ ગણી અને એકરૂપ અસંખ્ય પ્રદેશી ભગવાન આત્મા એકરૂપ રહ્યો છું એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ? જરી વિષય જૈનશાસનનો મર્મ અને માખણનો વિષય છે આ. સમજાય છે કાંઈ?

'**ઉસીપ્રકાર અન્ય-અન્ય પર્યાય ધારણ કરનેપર ભી એક હૈ.**' બે વાત થઈ ગઈ. પહેલી વાત તો દ્રવ્યની હતી. બીજી આ ક્ષેત્રની. ભાઈ! પહેલું દ્રવ્ય છે તે બદ્ધસ્પૃષ્ટ નથી. બીજું ક્ષેત્ર આત્માનું છે તો અનેકરૂપ પર્યાય થવા છતાં એકરૂપ રહ્યું છે દ્રવ્યદૃષ્ટિએ. દ્રવ્યદૃષ્ટિએ એટલે સમ્યગ્દર્શનના ધ્યેય દૃષ્ટિએ. વર્તમાન પર્યાય હોવા છતાં અભૂતાર્થ છે. છે છતાં અભૂતાર્થ. કઈ રીતે? કે સ્વભાવની એકરૂપ દૃષ્ટિ કરવા માટે.

હવે ત્રીજી વાત. કાળ આવ્યો હવે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. એવા ચાર બોલ ઉતાર્યા છે ભગવાન 'કુંદકુંદાચાર્યે'. અદ્ભુત 'સમયસાર'ની રચના ચૌદ પૂર્વ અને બાર અંગના માખણ દોહી નાખ્યા છે એમાં. ત્રીજો—કાળ. શું કાળ? સ્વકાળ. હવે સ્વકાળ એટલે શું? પહેલો દાખલો. '**સમુદ્ર તરંગો દ્વારા વૃદ્ધિ-હાનિ કરતા હૈ,...**' દરિયો એના તરંગ અને મોજાથી વૃદ્ધિ હાનિ કરે એ બરાબર છે. પણ '**સમુદ્રપનેસે...**' સમુદ્રપણાના એકરૂપ ભાવ કરી '**નિશ્ચલ હૈ;...**' દરિયો તો દરિયો જ છે. સમુદ્ર તો સમુદ્રના ભાવરૂપે—ધ્રુવરૂપે સદૃશ્ય તો એકરૂપ છે. '**તરંગો દ્વારા વૃદ્ધિ-હાનિ કરતા હૈ, તથાપિ સમુદ્રપનેસે...**' સમુદ્રત્વ—સમુદ્રપણું.

એ સમુદ્રપણું નિશ્ચલ એકરૂપ છે. એના તરંગોને લઈને અનેકપણું જણાય છે, વૃદ્ધિ-હાનિ જણાય છે. આ દૃષ્ટાંત છે.

હવે સિદ્ધાંત. ભગવાન આત્મા... એની પર્યાયના સ્વકાળના વર્તમાન વર્તના જેમ કાળદ્રવ્યનું લક્ષણ છે, એમ દરેક દ્રવ્યનો સ્વકાળ એની પર્યાયમાં વર્તવું તે વર્તના દ્રવ્યનું લક્ષણ છે, કાળ (ભેદનું). જેમ કાળ નામના પદાર્થનું વર્તના લક્ષણ છે, એમ છએ દ્રવ્યની વર્તમાન પર્યાય પોતાની પોતાથી વર્તે છે તે દ્રવ્યનો સ્વકાળ કહેવાય છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ માયલો આ ત્રીજો બોલ ચાલે છે. સમજાય છે કાંઈ? કહે છે કે સમુદ્રની તરંગની વૃદ્ધિ-હાનિ કરે **'તથાપિ સમુદ્રપનેસે નિશ્ચલ હૈ,...'** એ દૃષ્ટાંત. એનો સિદ્ધાંત.

ભગવાન આત્મા સ્વકાળમાં વર્તતા વિભાવ કરી વૃદ્ધિ હાનિ કરે. પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન એવો વિકલ્પ એના સ્વકાળમાં, એની વર્તમાન પર્યાયમાં એ જાતની વૃદ્ધિ-હાનિ (થાય છે). ભાઈ! અહીંયા વિભાવ લીધો છે. ત્યાં અગુરુલઘુ લીધો છે. સમજાય છે કાંઈ? સમય સમયની પર્યાયમાં પોતાના કાળે પોતાના કારણે પુણ્ય-પાપ, દયા-દાન, હીણપ ઓછી કે અસંખ્ય પ્રકાર શુભના અને અસંખ્ય પ્રકાર અશુભના એવી વૃદ્ધિ હાનિ એના સ્વકાળને લઈને જીવનો સ્વકાળ. પહેલું જીવદ્રવ્ય લીધું હતું પછી અખંડ અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર લીધું. આ એનો સ્વકાળ લે છે કે એના સ્વકાળમાં વિભાવ કરી વૃદ્ધિ હાનિ કરે. વસ્તુ નિત્ય અચળ છે. પણ કાળથી અંતરમાં જુઓ તો વસ્તુ તો એકરૂપ બિરાજે છે. એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ?

સ્વકાળમાં પુણ્ય ને પાપ, દયા ને દાન, કામ ને ક્રોધ (લીધા). ઓલી ક્ષેત્રમાં વ્યંજનપર્યાય હતી. ભાઈ! આમાં અર્થપર્યાયની વ્યાખ્યા છે. આ બોલમાં અર્થપર્યાયની વ્યાખ્યા (છે). ક્ષેત્રમાં એની આકૃતિ પલટતી હતી. છતાં અસંખ્ય પ્રદેશે એકરૂપ છે. કેવળ પામે તો અસંખ્ય પ્રદેશ છે. નિગોદમાં જાય તો અસંખ્ય (પ્રદેશ). અસંખ્ય પ્રદેશી પિંડનું કોઈ દિ' ઓછા-વત્તું થયું નથી. એની સંકોચ વિકાસની વર્તમાન પર્યાયમાં ફેરફાર થયો એ વ્યવહારનયના વિષયમાં જાય છે. છે ખરું. પણ સ્વભાવની એક દૃષ્ટિ કરવામાં એ અનેકપણું સમ્યગ્દર્શનનો વિષય નથી. એકપણું એ સમ્યગ્દર્શનનો વિષય છે. એમ કાળમાં સમુદ્રના અનેક તરંગો હોવા છતાં સમુદ્રત્વના ભાવે કરીને એક છે, નિશ્ચળ છે. એમ ભગવાન આત્મા એની પર્યાયોના વિભાવ પરિણામની અનેક અપેક્ષા જુઓ તો વ્યવહારે તે વર્તમાન સ્વકાળમાં વર્તમાન વિષય વ્યવહારનો છે. પણ સમ્યગ્દૃષ્ટિ જીવ એ વ્યવહારને જાણે પણ આદરતો નથી. આદરે ધ્રુવને. એકરૂપ મારો સ્વભાવ નિત્યાનંદ ધ્રુવ છે. એ તો વસ્તુ નિત્ય અચળ છે. વસ્તુમાં ફેરફાર ઓછા-વત્તાપણું નથી. કાળના વિભાવના પ્રસંગે ઓછાવત્તું છે. વસ્તુ સ્વરૂપે ઓછાવત્તુપણું નથી. એકરૂપી મારો કાળ છે. ભાઈ! એ સામાન્યપણું દ્રવ્યનું, સામાન્યપણું ક્ષેત્રનું, સામાન્યપણું કાળનું, સામાન્યપણું ભાવનું—એ ચાર થઈને સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ? વસ્તુ નિત્ય અચળ

છે. એ કાળ લીધો.

હવે ભાવ. ચાર વસ્તુ (—ભેદ) છે ને દ્રવ્યમાં? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ. '**સુવર્ણ વાનભેદ હોનેપર ભી અભેદ હૈ,...**' સમજાય છે? '**ઉસીપ્રકાર કર્મસે અનેક ભેદ હોનેપર...**' '**સુવર્ણ વાનભેદ હોનેપર ભી...**' વાનભેદ પણ અભેદ એટલું લેવું. સોનું વાને ભેદ પણ અભેદ. ભાઈ! એટલું લેવું છે. સોનું છે. પીળાશ, ચીકાશ, વજન એને લઈને ભેદ દેખાય છે. પણ વસ્તુએ અભેદ છે. સોનું તો સોનું જ છે. શું કીધું? સોનું વાનભેદ બસ એટલું. પણ એ અભેદ. બે ટૂકડા છે એમાં. સોનું પીળાશ, ચીકાશ, એના વજન એ અપેક્ષાએ ભેદ છે. પણ સોના તરીકે ભેદ નથી. એ તો એના ગુણભેદે ભેદ થયો. વસ્તુભેદે (ભેદ) નથી. વસ્તુ તો એક જ છે. સોનું તે સોનું જ છે. પીળાશ, ચીકાશ, વજન તો ગુણના ભેદના પ્રકાર ત્રણ પડ્યા. વસ્તુ ત્રણ નથી. વસ્તુ તો અસંખ્ય પ્રદેશી એક જ છે. સોનું તો સોનું જ છે.

'**ઉસીપ્રકાર કર્મસે અનેક ભેદ હોનેપર..**' એમ આત્મામાં આ જ્ઞાન છું... ધ્યાન રાખજો. અનંત ગુણ છે ને અનંત ગુણ આત્મામાં? એ ચિત્તના સંગે કહે છે કે ગુણભેદનો વિકલ્પ ઉઠે છે. ભાઈ! આ ચિત્ત છે અહીંયાં જડ, એનો રાગથી સંગ કરે તો ગુણભેદનો વિકલ્પ ઉઠે છે. હું જ્ઞાન છું ને હું દર્શન છું ને હું આનંદ છું ને હું વીર્ય છું ને હું અસ્તિત્વ છું અને વસ્તુત્વ છું. વસ્તુદષ્ટિએ જોઈએ તો સોનું પીળાશ, ચીકાશ, વજનના ગુણભેદે ભેદ. વસ્તુ અભેદ, ભાવે. એમ આત્મા ગુણના ભેદે ભેદ, કર્મના નિમિત્તના લક્ષે, ચિત્તના લક્ષે, રાગના વિકલ્પના ભેદે (ભેદરૂપ). કેમકે સોનું લગડી છે આખી આમ. પીળાશ, ચીકાશ, વજન. એમાંથી પીળું જુદું પાડો તો શી રીતે નીકળશે? એ તો એના ભેદમાં લક્ષમાં આવે છે. એમાં પીળું જુદું પડતું નથી. એ તો સોનું સોનું જ છે.

એમ આત્મામાંથી એક ગુણ લક્ષમાં જુદો પાડો કે જ્ઞાન. તો વિકલ્પ ઉઠ્યો, એ તો વૃત્તિ ઉઠી. આ દર્શન, આ આનંદ, અસ્તિત્વ. ગુણમાં ગુણરૂપે પૃથક્ છે. એમાં કર્મ તે કારણે કર્યું છે. અહીં તો ભાઈ કર્મનું કારણ એટલે પર વ્યવહારના લક્ષમાં દષ્ટિ જાય તો ગુણભેદનો વિકલ્પ ઉઠે છે. પણ સમ્યગ્દર્શનનો વિષય વસ્તુ અભેદ છે. ગુણનો ભેદ પણ વસ્તુમાં છે નહિ. શું કહ્યું સમજાય છે કાંઈ? ઝીણી વાત છે ભાઈ જરી. આ તો ૧૪મી ગાથામાં આપણે બધું આવી ગયું છે. એનો વિસ્તાર થઈ ગયો છે, લખાણ થઈ ગયું છે.

સોનું વાન ભેદે રંગ, સ્પર્શ આદિ ભેદે ભેદ દેખાય છે. સોના સોનાપણે છે. એમ આત્મા ગુણભેદથી ભાવભેદ. આત્મા છે એના ભાવ એટલે ગુણ તો અનંત છે. એ અનંત ગુણથી જુઓ તો અનંત ગુણ વ્યવહારનયનો વિષય છે. અનંત ગુણનો ભેદ તે વિકલ્પ ને વ્યવહારનો વિષય છે. કર્મના નિમિત્ત ને નિમિત્ત તરફ જતાં તે લક્ષ ઉઠે છે. સ્વભાવ જોતાં, સમ્યગ્દર્શનનું ધ્યેય જોતાં એ અભેદ ધ્રુવ છે. ગુણના પ્રદેશો જુદા નથી. જ્ઞાનના પ્રદેશ જુદાં, દર્શનના

પ્રદેશ જુદા, ચારિત્રના પ્રદેશ જુદા, અસ્તિત્વના પ્રદેશ જુદા (એમ નથી). બધાનું ક્ષેત્ર એક જ છે. ક્ષેત્ર જુદું નથી. એટલે કહે છે કે એ '**कर्म से अनेक भेद होनेपर भी वस्तु (चैतन्य) अभेद है.**' સમજાય છે કાંઈ? શેની વાત ચાલે છે આ?

પર્યાયમાં કર્મ બંધનો સ્પર્શ વ્યવહારનયનો વિષય, દ્રવ્યદૃષ્ટિના વિષયમાં નહિ. પર્યાયમાં અનેક પ્રકાર આ વ્યંજન પર્યાયની આકૃતિનો વિષય ખરો, વસ્તુદૃષ્ટિમાં નહિ. કાળમાં વિભાવના હાનિવૃદ્ધિનો ભેદ ખરો, સ્વભાવમાં નહિ. ગુણમાં અનેક ગુણની દૃષ્ટિ જોતાં અનેક ગુણો છે, દ્રવ્યદૃષ્ટિમાં સમ્યગ્દૃષ્ટિના ધ્યેયમાં ગુણનો ભેદ હોતો નથી. સમજાય છે કાંઈ? એ ગુણભેદ નથી એવી દૃષ્ટિ કરવી સમ્યગ્દર્શન છે અને તેના સાથે થયેલું જ્ઞાન તે ગુણભેદ નથી એમ પણ જોવે છે અને ગુણભેદ છે એમ પણ જોવે છે. એ પ્રમાણજ્ઞાન થયું. પણ નિશ્ચય જ્ઞાન થાય તો વ્યવહારનું જ્ઞાન યથાર્થ થઈને પ્રમાણજ્ઞાન થાય છે. નહિતર પ્રમાણજ્ઞાન થાતું નથી. વિષય જરી ઝીણો છે. બહારથી નથી મળે એવું આ. બહારમાં બધે જ્યાં ત્યાં ભટકાય એવી વાતું ચાલે છે ત્યાં. આ કરો ને આ કરો ને આ કરો. પૂજા કરો ને ભક્તિ કરો ને જાત્રા કરો. અરે..! ભગવાન! સાંભળ તો ખરો એકવાર.

તારા તત્ત્વને વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવે કહ્યું એ તેં સાંભળ્યું નથી. સર્વજ્ઞની ધ્વનિમાં જૈનશાસનનો સાર અને માખણ જે આવ્યું છે કે જે સમ્યગ્દર્શનનો ધ્યેય છે, જે સમ્યગ્દર્શનનો આશ્રય છે કે જેને આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે. કેમકે સમ્યગ્દર્શન પર્યાય છે. એ કાંઈ ગુણ નથી. એ પર્યાય પર્યાયમાંથી ન પ્રગટે, એ પર્યાય રાગમાંથી ન પ્રગટે. સમ્યગ્દર્શનની પર્યાય નિમિત્તમાંથી ન પ્રગટે, સમ્યગ્દર્શનની પર્યાય દ્રવ્યમાંથી પ્રગટે. માટે સમ્યગ્દર્શનનો વિષય દ્રવ્ય છે. સમજાય છે કાંઈ?

તેથી આ ચોથા બોલમાં એમ કહ્યું. ..ભાઈ! ભાઈ! આ તો બહુ પરિચય કર્યા વિના સમજાય એવું નથી. બહારમાં તો બધું સમજાય એવું છે ત્યાં. ચારે કોર આ સામાયિક કરો ને પોષા કરો ને ભક્તિ કરો ને પૂજા કરો, આ આમ ખાઓ અને આમ પીવો. બહુ તો દાન આપો કરોડપતિને બે-પાંચ લાખ. હવે તારા કરોડ આપે તો ધર્મ કે દિ' હતો ત્યાં. મરી જા તોપણ (નથી). ધર્મ તો આત્માના માલમાં ધર્મ છે. બાકી તારા થોથા બધા થોથા છે.

આત્મા વસ્તુ આ જૈનશાસનનું વર્ણન ચાલે છે. ત્રિલોકનાથ સર્વજ્ઞે દિવ્યધ્વનિથી કહેલું. એને ભગવાન 'કુંદકુંદાચાર્યે' ટૂંકા શબ્દોમાં વર્ણવ્યું. એનાથી પણ ટૂંકામાં આણે વર્ણવ્યું પાછું. ઓલા દેશભાષામાં કહ્યું ખરું ને. દેશભાષામાં કહ્યું. પણ ઓલો સાર લઈને, એનું માખણ લઈને.

ભગવાન! વિભાવ... સમજાય છે? વિભાવનો પર્યાય અનેકરૂપ હોવા છતાં સ્વભાવ તો એકરૂપ છે. ગુણભેદે ભેદ, ભાવભેદે ભેદ છે હોં. એક આત્મામાં અનંતા ગુણ છે. એક ઓછો

ગુણ માને તો પણ મૂઢ છે. અને ગુણભેદની દૃષ્ટિ રાખે તો વ્યવહારનયનો વિષય થઈ ગયો. નિશ્ચયનો વિષય નથી. ગુણનો અભેદ અસંખ્ય પ્રદેશી દ્રવ્ય એકાકાર છું. એ સમ્યગ્દર્શનનું ધ્યેય સામાન્ય છે. સમ્યગ્દર્શનનો વિષય સામાન્ય છે. પહેલું દ્રવ્ય લીધું હતું એ સામાન્ય. પછી ક્ષેત્ર લીધું એ સામાન્ય, પછી કાળ લીધો એ સામાન્ય, પછી ભાવ લીધો એ સામાન્ય. એ સમ્યગ્દર્શનના ચતુષ્ટય વિષયમાં અભેદ કરી નાખ્યું છે. સમજાય છે કાંઈ?

**'અનેક ભેદ હોનેપર ભી...'** નાના ભેદ સમજ્યા? નાના ભેદ કર્મથી થયા હશે. એમ નથી. કર્મ ઉપર લક્ષ તારું જાય. અખંડ આનંદકંદ ધ્રુવ સ્વભાવ છું. એમાં તું જો તો ગુણ અભેદપણે તને ભાસે. બધા અભેદ છે એકાકાર. પણ જો પર ઉપર લક્ષ ગયું તો વિકલ્પનું ઉત્થાન, વૃત્તિનું ઉત્થાન થાય છે વૃત્તિ ઉઠે છે શુભની. ત્યારે ચિત્તના સંગે એ વિચાર આવ્યો કે આ જ્ઞાન. વસ્તુમાંથી જ્ઞાન જુદું પડતું નથી. વસ્તુમાંથી આનંદ જુદો પડતો નથી. સોનાની લગડીમાંથી પીળાશ જુદી પડતી નથી. પણ પીળું જુદું લક્ષમાં લેવું એ વસ્તુની ભેદબુદ્ધિ છે. એમ ચૈતન્યના અનંત ગુણોનું એ અભેદ સ્વરૂપ છે એમાંથી એક ગુણને જુદો પાડીને વિચાર કરવો એ ચિત્તના સંગના રાગનો વિકલ્પ છે. તે વ્યવહારનયનો વિષય છે. તેને અભૂતાર્થ ઠરાવી અનંત ગુણના પિંડરૂપ એક તત્ત્વને ભૂતાર્થ ઠરાવી તેને સમ્યગ્દર્શનનો વિષય કહ્યો છે. જરી વિષય ઝીણો છે. પંડિતજી! થાય છે તો સાદી ભાષાથી હોં! પણ એના ખ્યાલમાં જરી આવવું જોઈએ. આ સિવાય બીજી કોઈ રીત નથી. બીજી કોઈ પદ્ધતિ નથી, બીજો કોઈ પ્રકાર નથી. આ સમ્યગ્દર્શન પામવાનો એક જ પંથ છે, બીજો કોઈ છે નહિ. કહો, સમજાણું કાંઈ? એ ચાર દાખલા થયા ભાઈ!

હવે ત્યાં પાંચમો દાખલો આપ્યો છે પાણીનો. ૧૪મી ગાથામાં. આણે જરી સ્ફટિક મણિનો આપ્યો. ત્યાં ગાથામાં 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજે પાંચમો દાખલો પાણીનો આપ્યો છે કે જેમ પાણી અગ્નિના નિમિત્તે વર્તમાન ઉષ્ણતા છે તે બરાબર છે, પણ જો પાણીનો સ્વભાવ જુઓ તો ઉષ્ણતા છે જ નહિ. પાણીનો સ્વભાવ જુઓ તો શીતળ જ છે. વર્તમાન પર્યાય ઉષ્ણ પોતાથી થઈ છે, અગ્નિથી નહિ. અગ્નિથી નહિ. અગ્નિ અને પાણીમાં પૃથક્ અન્યોન્ય અભાવ છે. અગ્નિના રજકણો અને પાણીના રજકણો વચ્ચે અન્યોન્ય અભાવ છે પર્યાય વચ્ચે. પર્યાય વચ્ચે. માટે કોઈથી કોઈ ઉષ્ણ થાય નહિ. પાણી પોતાથી ઊનું થયું છે ત્યાં અગ્નિનું નિમિત્ત છે. પણ ઉષ્ણ દૃષ્ટિથી જુઓ તો ભૂતાર્થ છે. છે. પણ સ્વભાવ દૃષ્ટિથી જુઓ તો પાણી શીતળ જ છે. ઊનું છે જ નહિ. આ દૃષ્ટાંત. આમણે બીજો આપ્યો છે. અહીં પાણીને ઠેકાણે આ આપ્યો છે. ધ્યાન રાખજો.

**'સ્ફટિકમણિ, પૂરી સે હરા, લાલ ભાસિત હોતા હૈ...'** સ્ફટિક મણિ લીલી અને લાલ સંયોગે ડંકથી તે લીલી રાતી ભાસે. એ લીલી-રાતી થવાની સ્ફટિકની વર્તમાન યોગ્યતા છે. લીલી-રાતી થવાની સ્ફટિકમાં વર્તમાન લાયકાત છે. એનું નિમિત્ત છે એ ડંક રાતો અને

લીલા ફૂલ કે લૂગડું. સ્ફટિક મણિ હરિ એટલે લીલું અને લાલ પુરી એટલે જોડે શંખ એનાથી ભાસે. **'સ્વભાવ તો શ્વેત હૈ.'** પણ સ્ફટિકનો સ્વભાવ જુઓ તો ધોળો છે. એ લીલી અને પીળી તો વર્તમાન ઉપાધિ છે. ઉપાધિ પરથી થઈ નથી. એ પર્યાયનો ધર્મ છે પણ પર્યાય બધી ઉડાવી દેવી છે. પર્યાયબુદ્ધિ નાહિ. 'સમયસાર'માં લીધું છે ને ભાઈ 'સમયસાર નાટક'માં. પર્યાયબુદ્ધિ નાહિ. સમકિતીને પર્યાયબુદ્ધિ હોઈ શકે નહિ. એટલે કે વર્તમાન પર્યાયને જાણે છતાં તેની રુચિથી આદર પર્યાયનો નહિ. આદર તો ધ્રુવ નિત્યાનંદનો હોઈ શકે.

એટલે કહે છે કે જેમ પાણી વર્તમાન અગ્નિના નિમિત્તે ઉષ્ણ છે. ઉષ્ણતાની લાયકાતથી પણ એનો કાયમી સ્વભાવ જુઓ તો શીતળ છે. એ એક વાત. એક દૃષ્ટાંત. બીજો એને લગતો દૃષ્ટાંત આમણે આ આપ્યો છે કે સ્ફટિક મણિ લાલ અને લીલા લૂગડાને ડંક લગાડો ફૂલનો તો વર્તમાન એની યોગ્યતાથી રાતી, લીલી ઝાંય દેખાય છે. પણ જો કાયમનો સ્વભાવ સ્ફટિકનો જુઓ તો એકલો સફેદ જ છે. પાણીનો શીતળ છે. આનો સફેદ છે.

**'પર વહ પર હૈ; નિજ ચેતનામેં પર નહીં હૈ.'** આ એનો સિદ્ધાંત. એમ જેટલી ઉષ્ણતા એટલે કામ, ક્રોધ, વિકારનું વેદન દેખાય છે એ કર્મરૂપી અગ્નિ અને તું શીતળ જળ. એ પર્યાયમાં દેખાય છે, વર્તમાન અવસ્થામાં કામ, ક્રોધ, હરખ, શોકનો અનુભવ. હવે અનુભવની વ્યાખ્યા છે ભાઈ પાંચમામાં. ચાર થઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અભેદ વર્ણવ્યા. હવે આમ જો અનુભવ કર, આમ અનુભવ કર્યા વિના જુઓ તો પાણી ઉષ્ણ લાગે છે અગ્નિના નિમિત્તે. સ્ફટિક મણિ લાલ, લીલી લાગે છે ડંકના નિમિત્તે. એમ તારો આત્મા વર્તમાન હરખ-શોકનો અનુભવ એ કર્મના નિમિત્તના લક્ષે દેખાય છે.

**'પર વહ પર હૈ;...'** કર્મના નિમિત્તથી પર તે પર. પરનો અનુભવ દેખાય છે. કામ, ક્રોધ, હરખ, શોક, વિકાર, **'નિજ ચેતનામેં પર નહીં હૈ.'** પણ જો ચેતનાનો સ્વભાવ જો. જેમ પાણીનો શીતળ સ્વભાવ છે, સ્ફટિકનો શ્વેત સ્વભાવ છે એમ તારો સ્વભાવ જો અનુભવનો જો (તો) ચેતનામાં વિકારનો અનુભવ છે જ નહિ. હરખ-શોકનો અનુભવ તો કૃત્રિમ વર્તમાન વ્યવહારનયનો વિષય છે. વર્તમાન પર્યાયમાં થાય છે. સ્વભાવ દૃષ્ટિમાં એ અનુભવ નથી. દલીચંદભાઈ! સમજાય છે કાંઈ? આવી વાત દેવે કહી છે, ગુરુએ કહેલી છે, શાસ્ત્ર કહે છે. આથી વિરુદ્ધ વાત કહે તે દેવ નહિ, આથી વિરુદ્ધ કહે તે ગુરુ નહિ, આથી વિરુદ્ધ કહે તે શાસ્ત્ર નહિ. આ પરીક્ષા દેવ-ગુરુ-શાસ્ત્રની કરવી હોય તો આ કસોટી (છે) જૈનશાસનની. અને આત્માનું સ્વરૂપ જ આ રીતનું એક એકનું છે.

**'પર વહ પર હૈ;...'** કર્મના નિમિત્તના લક્ષે હરખ-શોકનો અનુભવ થશે તને. ચિત્તના સંગે... અહીં જડ ચિત્ત છે આંઠ પાંખડીને આકારે અહીં છાતીમાં. એના તરફ જો તો હરખ-શોકનો અનુભવ **'પર વહ પર હૈ...'** એ પરથી પરપણું વિભાવનો અનુભવ થશે. **'નિજ ચેતનામેં પર નહીં હૈ.'** પણ ચેતના જ્ઞાનાનંદના અનુભવમાં એ વિકારનો અનુભવ છે જ

નહિ. સમજાય છે? દ્રવ્યદષ્ટિમાં સમ્યગ્દષ્ટિના ધ્યેયમાં **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** મહા સિદ્ધાંત 'સમયસાર'ની ૧૧મી ગાથાનો. ભૂતાર્થ આત્મા ચેતનાસ્વભાવ એકરૂપ દ્રવ્યે-ક્ષેત્રે-કાળે-ભાવે જુએ અને અનુભવે, એકરૂપ ચેતનામાં જો તો હરખ-શોકનો અનુભવ અભૂતાર્થ છે. અ—નહિ ભૂત-છતો ભાવ. એ છતો ભાવ નથો. છતો ભાવ તો જ્ઞાતા તરફનો અનુભવ તે અભેદ થાય તે છતો ભાવ છે.

'**પર વહ પર હૈ; નિજ ચેતનામેં પર નહીં હૈ.**' આ છ બોલ કહ્યા. છ બોલ થયા ને? ખીમચંદભાઈ! ત્યાં આગળ પંડિતજીએ 'જયચંદ્ર પંડિતે' પાંચ બોલ કહ્યા છે. મૂળ 'અમૃતચંદ્રાચાર્ય'માં ખુલાસો નથી. પણ આમ ઉતાર્યું છે. પછી 'જયચંદ્ર પંડિતજી'એ દેશભાષા કરી એમાં પાંચ બોલ કહ્યા છે. આમણે પાંચમાંથી ઓલા બદ્ધસ્પૃષ્ટના બે કરીને છ કહ્યા છે.

'**ષડ્ભાવ ઉપર ઉપર હી રહતે હૈં;...**' એ ષટ્ભાવ ઉપર ઉપર રહે છે જુઓ. શું કીધું? કે આત્મા ધ્રુવ. અહીં ધ્રુવ કહેવું છે. માથેથી ઉપાડ્યું કે '**ચેતન દીપક શાશ્વત હૈ.**' મંદિર તો છૂટે પણ શાશ્વત રતન દીપક ઝળકાતો રહે. આ એની વ્યાખ્યા કરી આખી. શાશ્વત નિત્ય ધ્રુવ સ્વભાવ એ સમ્યગ્દષ્ટિનો વિષય છે. શાશ્વતું ચૈતન્યરતન નિત્યાનંદ સદશ્ સ્વભાવી આત્મા. એની અંદરમાં ષટ્ભાવ ઉપર ઉપર રહે. એ કર્મનો બંધ અને સ્પર્શ પણ ઉપર છે. પણ છે ખરો હોં. બિલકુલ સિદ્ધની પેઠે નથી એમ નહિ. તેથી આ શબ્દ વાપર્યો છે. કર્મનો બંધનો સ્પર્શ એક સમયનો ઉપર ઉપર છે. દ્રવ્યના સ્વભાવમાં પેઠો નથી. ક્ષેત્રની વ્યંજનપર્યાય અનેકપણે થઈ પણ પર્યાયમાં ઉપર રહી, કાંઈ સ્વભાવમાં પેઠી નથી. કાળમાં વિભાવની હાનિ-વૃદ્ધિ અનેક થઈ પણ સ્વભાવમાં પેઠી નથી. ભાવમાં ગુણભેદના વિકલ્પો ઉઠ્યા અનેક, પણ ગુણભેદ નથી. વસ્તુ તો અભેદ અસંખ્ય પ્રદેશી છે. એમ હરખ-શોકનો અનુભવ પર્યાયમાં છે પણ વસ્તુની દષ્ટિમાં નથી. માટે વસ્તુના ધ્રુવ સ્વભાવમાં ષટ્ ભાવ પેઠા નથી. ઉપર ઉપર પર્યાયમાં રહે છે. સમજાય છે કાંઈ? પર્યાયને સિદ્ધ કરી છે હોં! કોઈ પર્યાય ઊડાવે તો એ મૂઢ છે અને પર્યાયને આશ્રયે ધર્મ મનાવે તોપણ મૂઢ છે. બેય વાત છે. હરખચંદભાઈ!

આ છએ ભાવ છતા પર્યાયમાં ભાવ છે, છતો વિષય છે પર્યાયનો—અવસ્થાનો. પણ ઉપર ઉપર રહે. વસ્તુથી ઉપર પર્યાય પર્યાય. એક સમયની પર્યાયમાં એ છ ભાવ છે. વસ્તુના દ્રવ્યસ્વભાવમાં, ધ્રુવસ્વભાવમાં શાશ્વત ચૈતન્ય મંદિરમાં, ચૈતન્ય દિવામાં એ છ ભાવ અંદર પેસી ગયા નથી. માટે એવો ને એવો ભાવ (રહ્યો છે). એમાં ૧૪માં તો પ્રશ્ન એ કર્યો છે ને ભાઈ! શિષ્યે પૂછ્યું, પ્રભુ! આનો અનુભવ કેમ થાય? આ અબદ્ધસ્પૃષ્ટ આત્મા તમે કહો એનો અનુભવ કેમ થાય? કે ભાઈ! (એ છ ભાવ) અભૂતાર્થ છે માટે અનુભવ થાય. એવો શિષ્યે પ્રશ્ન કર્યો છે ત્યાં. 'અમૃતચંદ્રાચાર્યે' પોતે ટીકા સંસ્કૃત કરી છે. કે '**अबद्धपुट्ठं अणण्णयं णियदं अविसेसमसंजुत्तं**' એવો આત્માનો અનુભવ કેમ થાય? શિષ્યે પ્રશ્ન કર્યો ધગશથી અંદરથી. ગુરુ 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, શિષ્ય! એ અભૂતાર્થ હોવાથી છતી ચીજ

કાયમની રહે એવી ચીજ નથી. પાંચ ભાવો કહ્યા એ કાયમના રહે એવા નથી. આ છ ભાવ કહ્યા એ કાયમ રહે એવા નથી. માટે કાયમની ચીજ ઉપર દૃષ્ટિ દેતા આ ચીજો ટળી જશે અને તને અનુભવ થશે. સમજાય છે કાંઈ? 'અમૃતચંદ્રાચાર્યે' તો ઘણી શૈલીથી (વાત કરી છે). આપણે તો બધું વ્યાખ્યાન આવી ગયું. લખાઈ ગયું છે ને એક એક ગાથા આખી. એક છપાઈ ગઈ છે. છપાઈ ગઈ છે, આ બધી વાત છપાઈ ગઈ છે. આવેલી ગઈ છે. આ તો રેકોર્ડિંગમાં આજ ઉતરે છે આ. સમજાય છે કાંઈ?

ષટ્ભાવ ઉપર ઉપર રહે. ભગવાન! તારો ચૈતન્ય શાશ્વત દીવો જે સમ્યગ્દર્શનનો વિષય જે નિત્યાનંદ ધ્રુવ (છે). ઉત્પાદ-વ્યય છે ખરા. ઉત્પાદ-વ્યય પણ પર્યાય અને વ્યવહારનો વિષય છે. આ બધા ષટ્ભાવ ઉત્પાદ-વ્યયરૂપે છે. અને વ્યવહારનો વિષય જાણવા જેવો છે અને સમ્યગ્દર્શનનો વિષય ઉત્પાદ-વ્યય નથી, સમ્યગ્દર્શનનો વિષય ધ્રુવ છે. શાશ્વત ચિદાનંદ ધ્રુવ છે. માટે આ વાત લીધી છે. સમજાય છે કાંઈ? ષટ્ભાવ ઉપર ઉપર રહે એમ પાછું સિદ્ધ કર્યું છે. ભાઈ! ત્યાં પણ એમ કીધું છે ને 'અમૃતચંદ્રાચાર્યે' કે વ્યવહારનયે છતા પાંચેય ભાવો ભૂતાર્થ છે. કોઈ બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા કહીને કાઢી નાખે તો એ પર્યાય અને વ્યવહાર સમજ્યો નથી. એક જ આત્મા છે એમ આ 'સમયસાર'માંથી નીકળે, એમ નથી. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. પર્યાય મિથ્યા, મિથ્યા, મિથ્યા. એમ નથી. બધુંય છે. પર્યાય છે, ગુણભેદ છે, વિકાર છે, નિમિત્ત છે, અનંત આત્માઓ છે, અનંત કર્મો છે બધું છે. પણ જેને ચૈતન્યની નિત્યતાનો સ્વભાવ એક એક આત્માનો છે એવી સમ્યક્ દૃષ્ટિ પ્રગટ કરવી હોય એણે પર્યાયના છ બોલની રુચિ છોડવી જોઈશે. એ છે છતાં છોડવી જોઈશે. અને ધ્રુવમાં એ છ નથી. કેમ કે પર્યાયમાં રહેલા (છે).

પાણીમાં તેલ ઉપરટપકે છે. એ પાણીમાં તેલ પેસતું નથી. એમ ચિદાનંદ નિત્ય શાશ્વત ધ્રુવ સદૃશ્ય એમાં ઉત્પાદ-વ્યયના આ છ ભાવ બોલ ધ્રુવમાં પેઠા નથી. માટે ધ્રુવની દૃષ્ટિ કર, તો આ વિકાર ટળીને અનુભવ થઈને સમ્યગ્દર્શન થશે. કહો, સમજાય છે કાંઈ? હજી આ સમ્યગ્દર્શનની વ્યાખ્યા ચાલે છે હોં! પછી એને આવું ભાન થયા પછી સ્વરૂપની વિશેષ રમણતા થતાં.. થતાં.. થતાં રાગ ઘટી જાય ત્યારે છઠ્ઠું ગુણસ્થાન ભાવલિંગી મુનિનું થઈ જાય છે. ત્યારે છઠ્ઠી ભૂમિકા, સાતમી ભૂમિકા જે હજારો વાર ભાવ સંતોને 'કુંદકુંદાચાર્ય' 'અમૃતચંદ્રાચાર્ય' મહાન ભગવંત સંતો મુનિ હતા એ છઠ્ઠે અને સાતમી ભૂમિકાએ ઝુલતા હતા. આ પહેલું થયા પછી આ થાય. આ થયા પછી આત્માની રમણતા કરતાં કરતાં કરતા સહજાનંદ ભાવલિંગ છઠ્ઠું-સાતમું પ્રગટે એને દ્રવ્યલિંગ નગ્ન થયા વિના ત્રણ કાળ ત્રણ લોકમાં રહે નહિ. સમજાય છે કાંઈ? પણ આ ભાન વિનાના નગ્ન થાય એ બધા મિથ્યાદૃષ્ટિ છે. વસ્તુનું ભાન નથી અને કદાચિત નગ્ન હોય અને સમ્યગ્દર્શન પણ કોઈને હોય છે તો એને ભાવનું ભાન હોય છે. એને ભાવનું ભાન હોય છે કે મારી દશા મુનિની નથી. એક (વાત)

ચાલે છે શાસ્ત્રમાં. ભાઈ!

નવમી ગ્રૈવેયક જનારો હોય છે દ્રવ્યલિંગી મુનિ. બહારમાં દ્રવ્યલિંગી છઠ્ઠા ગુણસ્થાનની મુનિની બધી ક્રિયા (પાળતો હોય), અંતરમાં આત્માનું જ્ઞાન હોય, સમ્યગ્દર્શન. રાગ નહિ, પુણ્ય નહિ. છતાં એ બહારમાં છઠ્ઠા ગુણસ્થાનની ભૂમિકાના પરિણામ છે તે નવમી ગ્રૈવેયકે ચાલ્યો જાય. છે ચોથું ગુણસ્થાન અંદર અને બહાર છઠ્ઠાની ક્રિયા છે. ભાન એને વર્તે કે મારી ભૂમિકા ભાવલિંગી મુનિની નથી. જો ભાવલિંગી મુનિની હોય તો ક્ષણે ક્ષણે છઠ્ઠું અને સાતમું, છઠ્ઠું અને સાતમું આવવું જોઈએ. એ ભૂમિકા ન હોય અને છઠ્ઠા ગુણસ્થાનના યથાર્થ યથાર્થ પરિણામ અંદર જે જોઈએ તે હોય એને વ્યવહારના, આમ અંદરથી નિશ્ચય સમ્યગ્દર્શન હોય. નવમી ગ્રૈવેયકે ચાલ્યો જાય છે. 'રાજવાર્તિક'માં એ અધિકાર છે.

અહીં તો કહે છે કે જેને સમ્યગ્દર્શનનું જ ભાન નથી હજી કે ષટ્ભાવ વિનાનો ચિદાનંદ કોણ છે. એની જેને ખબર નથી એને સમ્યગ્દર્શન નથી તો મુનિપણું તો હોઈ શકે નહિ. અને આ સમ્યગ્દર્શન વિના બાર વ્રત અને પંચ મહાવ્રત ને સંયમ, તપ ને સંવર-નિર્જરા ને એ ત્રણ કાળમાં હોઈ શકે નહિ. માટે આ જૈનશાસનનો મર્મ સમ્યગ્દર્શનના વિષયનું વર્ણન ચાલ્યું છે.

**'જલકે ઉપર કાઈકી ભાંતિ.'** દાખલો વિશેષ આપ્યો. માથે કહ્યું હતું ને ઓલું ત્યાં કમલીનીના પત્રનું કહ્યું હતું. **'જલ ઉપર કાઈકી ભાંતિ.'** પાણી ઉપર જેમ શેવાળ હોય છે, એમ આત્મા જ્ઞાનાનંદ નિત્યાનંદ ધ્રુવ છે તેના ઉપર આ છ બોલો શેવાળની પેઠે વર્તે છે. શેવાળ હોય છે ને? એને શું કહે છે? લીલ-ફૂગ અમારે કહે છે કાઠિયાવાડમાં. લીલ-ફૂગ, લીલ-ફૂગ. કાઈ. અમારે અહીંયા લીલ-ફૂગ કહે છે. લીલ-ફૂગ પાણીની ઉપર છે. અંદરમાં નથી, અંદર ઘુસી નથી ગઈ. એમ ચિદાનંદ પાણી જ્ઞાન જળ, નિત્યાનંદ જળ ધ્રુવ એની એક સમયની પર્યાયમાં વિકાર ને પુણ્ય-પાપ ને સંસાર ને ઉદય ને બધો છે, આકૃતિ વ્યંજન પર્યાયની વિભાવની. અંતર જળસ્વભાવમાં એ પેઠું નથી. એ ધ્રુવની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે.

**'જલ કે ઉપર કાઈકી ભાંતિ.'** એટલી વાત. **'અપની ગુપ્ત શુદ્ધશક્તિ કો વ્યક્તરૂપસે ભાઓ, જિસસે વહ વ્યક્ત હો.'** ગુપ્ત શુદ્ધ શક્તિ. ધ્રુવ કીધી હતી ને ધ્રુવ? એ ધ્રુવ શક્તિ તો તારી ગુપ્ત છે. સામાન્યપણું ગુપ્ત છે. પર્યાયમાં પ્રગટ નથી. પર્યાય છે ઉત્પાદ-વ્યય પ્રગટ—વ્યક્ત છે અને ધ્રુવ તે ગુપ્ત છે. શાશ્વત વસ્તુ જે સમ્યગ્દર્શનનો વિષય પરમ પારિણામિકભાવ એ ગુપ્ત છે. આ સામાન્ય બોલ કહ્યા તે. ગુપ્ત તેમ ધ્રુવ. શુદ્ધ શક્તિ-શુદ્ધ શક્તિ. કાયમનો સ્વભાવ શુદ્ધપણે, દ્રવ્યપણે, ગુણપણે પડ્યો છે. એ શક્તિ તારી. ચિદાનંદ! **'વ્યક્તરૂપસે ભાઓ,...'** એ વ્યક્ત કરી ભાવના કર કે જાણે પ્રગટ વર્તમાન અનંત આનંદમય છું. છે તો શક્તિરૂપે પણ પર્યાયમાં જોર દે. ઓહો..! અનંતજ્ઞાન, અનંતઆનંદ, અનંતવીર્ય

જાણે પર્યાયમાં હો, એમ શક્તિમાં છે તેને પ્રતીતમાં વ્યક્ત કરીને ભાવના કર તો સમ્યગ્દર્શન થઈને કેવળજ્ઞાન થશે. સમજાણું કાંઈ?

**'જલકે ઉપર કાઈકી ભાંતિ.'** શેવાળ ઉપર છે અને પાણી અંદર છે. એમ પુણ્ય-પાપ વિકલ્પો વ્યંજન આકૃતિ વિભાવપર્યાય ઉપર છે. સ્વભાવ તારો સામાન્ય જે ધ્રુવ કહ્યો એ ગુપ્ત છે. એની **'ચિદાનંદ અપની ગુપ્ત શુદ્ધશક્તિકો વ્યક્તરૂપસે ભાઓ,...'** પ્રગટ કરીને ભાવના (ભાવ). 'સિદ્ધ સમાન સદા પદ મેરો.' આવે છે ને 'સમયસાર નાટક'માં? 'ચેતન રૂપ અનુપ અમૂરત સિદ્ધ સમાન સદા પદ મેરો.' છે તો શક્તિએ. વ્યક્તિએ નહિ, પર્યાયે નહિ. પર્યાય જો સિદ્ધ સમાન હોય તો આ સંસાર કોનો? પણ સિદ્ધ શક્તિરૂપે જે આ સામાન્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ કહ્યા ત્રિકાળ રહેનારા એ શક્તિરૂપ છે. તેની વ્યક્તરૂપ કરી (અર્થાત્) વ્યક્ત જાણે પ્રગટ છું, પ્રગટ છું, પ્રગટ છું એમ પ્રગટ થવાને લાયકને પ્રગટ છું, સિદ્ધ જ છું, પરમાત્મા છું, એવી શ્રદ્ધાની ભાવના કરી વ્યક્ત વહે તો પ્રગટ થઈને પર્યાય રહે.

**'તુ અવિનાશી રસકા સાગર,...'** લ્યો! હે ચિદાનંદ! ત્યાંથી ઉપાડ્યું હતું ને? હે ચિદાનંદ! ત્યાંથી ઉપાડ્યું ભાઈ ઓલી કોરથી. **'ચિદાનંદ! તુમ ...'** ત્યાંથી ઉપાડ્યું હતું. ચિદાનંદ. ત્યાંથી. ગુરુએ તમને .. ચિદાનંદ. ત્યાંથી ઉપાડ્યું હતું. હિન્દી છે ને. સમજાય છે કાંઈ? હે ચિદાનંદ! તું અવિનાશી રસનો સાગર છો. આનંદના અવિનાશી રસનો સાગર છો. હરખશોક તો તારામાં ઉપર ઉપર શેવાળની પેઠે ફરે છે. એ હરખ અને શોક, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાન. પાણીમાં જેમ શેવાળ, એમ ઉપર ઉપર છે. તારા મૂળ સ્વભાવમાં છે નહિ. તું અવિનાશી રસનો સાગર.

**'પરરસ કૈસે મીઠા દેખા?'** અરે! તને હરખ-શોક.. અહીં અનુભવનો છે ને ભાઈ ગ્રંથ. એટલે પરરસ તને હરખ-શોકનો અનુભવ તને કેમ મીઠો લાગ્યો? હરખ અને શોક, હરખ અને શોક. અનુભવપ્રકાશ ગ્રંથ છે. એટલે હરખ અને શોક, પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાન, શુભાશુભભાવ વિકાર એ પરરસ છે. વિકાર છે. પરરસ એટલે? છે તો એની પર્યાયનો પણ કાયમ રહેનારો નથી માટે પરરસ ગણી નાખ્યો છે. **'પરરસ કૈસે મીઠા દેખા?'** એ પરરસ તેં કેમ મીઠો દેખ્યો? ચિદાનંદનો રસ મૂકી અવિનાશી ધ્રુવ શાશ્વતનો રસ મૂકી આ ક્ષણિક વિષયના રસને કેમ મીઠો લાગ્યો?

**'જિસકે નિમિત્તસે સંસારકા ચક્કર હુઆ...'** ભગવાન ચિદાનંદ જેને કારણે આ સંસારના ચક્કર—ફરવું તને થાય છે. એ હરખ-શોક અને પુણ્ય-પાપની મીઠાશથી આ ચોર્યાશીમાં ચક્કર ખાય છે. ઘુમે છે ઘુમે. ચોર્યાશી (લાખના) અવતારમાં ઘુમે છે. જુઓ! અનુભવપ્રકાશ છે ને. ગુલાંટ મારીને વાત કરી. આત્માના આનંદના અનુભવ વિના સંસાર ત્રણ કાળમાં તૂટતો નથી. લાખ તું અપવાસ કર, કરોડ અપવાસ કર, દયા કર, તપ કર, દાન કર. પણ આત્મા

કહ્યો તેના અનુભવ વિના એ પરરસ વિકલ્પ ઉઠે છે (કે) આ અપવાસ કરું, આ મૂકું. એ બધો રસ છે, રાગ છે. એ રાગનો રસ '**કૈસે મીઠા દેખા? જિસકે નિમિત્તસે સંસારકા ચક્કર હુઆ...**' જેને કારણે તો સંસારમાં તારું ફરવું થયું. '**ઉસીકો ભલા જાનકર સેવન કરતે હો?**' જોયું! વ્યવહારને ભલો જાણી સેવે છો? એમ કહે છે, ભાઈ! વ્યવહારને અભૂતાર્થ કહી દીધોને. પુણ્ય-પાપ, સંકલ્પ-વિકલ્પ, બધો વ્યવહાર હરખ-શોક તારો સ્વભાવ નથી.

'**ભલા જાનકર...**' વ્યવહાર સારો છે, વ્યવહાર સારો છે, પુણ્ય સારા છે, દયા-દાન સારા છે. અરે..! મરી જઈશ. વિકાર સારો, તો અવિકાર સારો નથી ત્રિકાળ. એવી દૃષ્ટિ મિથ્યા તારી થઈ જાય છે. '**વિકાર કો ભલા જાનકર સેવન કરતે હો? જૈસે મદિરા પીનેવાલા મદિરા પીતા જાતા હૈ, દુઃખ પાતા જાતા હૈ,...**' જેમ મદનો, દારૂનો પીનારો માણસ મદ પીવે ને દુઃખ પામતો જાય. ગાંડો થઈ જાય આમ આમ કરતો જાય. '**અધિક ચક્કરમેં ભલા જાન-જાનકર સેવન કરતા હૈ,...**' લ્યો! ઓલો ઘુમેને પાછો? લથડિયા ખાય દારૂ પીધેલો માણસ. વળી ડોલે, આમ-આમ થાય... આમ-આમ થાય... ઘુમેરી ખાય. મદ પીવે ને વળી દુઃખ પામતો જાય. એમ પુણ્ય-પાપ, કામ-ક્રોધ, દયા-દાન, વ્યવહાર-વિકલ્પ, હરખ-શોક એને ભલા માની ત્રિકાળ ચિદાનંદને ચૂકી અને મદ પીધો છે મોહ મિથ્યાત્વનો તેં. મિથ્યાત્વના દારૂએ તને વ્યવહાર વિકલ્પ બધા સારા લાગે છે. આસ્રવ છે, વિકાર છે તે સારા લાગે છે. અનાસ્રવી ત્રિકાળ ચિદાનંદ તને સારો લાગતો નથી.

તો કહે છે કે જેમ મિથ્યાત્વ સેવે અને દુઃખ પામતો જાય, ઓલો મદ પીવે ને દુઃખ પામતો જાય. '**અધિક ચક્કરમેં ભલા જાન-જાનકર સેવન કરતા હૈ; તૂ ભૂલા હૈ.**' તેમ તું મદથી ભૂલ્યો છો. માટે આત્માનો અનુભવ કરવો હોય તો આ દૃષ્ટિ કીધી એમ કર. એ વિના અનુભવ થાય એવો નથી.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**મહા સુદ ૫, સોમવાર તા. ૧૯-૧-૧૯૫૩**
**પાના નં.-૭૧, પ્રવચન-૨**

આ 'અનુભવપ્રકાશ' ગ્રંથ. એમાં ૭૧ પાનું છે ગુજરાતીમાં. જુઓ! આ અધિકાર અનુભવ પ્રકાશનો છે. અનુભવપ્રકાશ એટલે આત્માનો આનંદ સ્વભાવ જે ધ્રુવરૂપે ત્રિકાળ છે એના સ્વરૂપની રુચિ અને દૃષ્ટિ કરીને એમાં લીનતાનો ભાવ થવો તેને અનુભવ કહે છે. એ અનુભવને ધર્મ કહે છે. અને એ ધર્મ તે મોક્ષનો માર્ગ છે. જે કાળે એક સમયે આત્મા પૂર્ણાનંદ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છે એમ વ્યવહારના રાગ અને નિમિત્તની રુચિ છોડીને વર્તમાન પર્યાયને સ્વભાવ સન્મુખ કરીને આત્માનું સ્વસંવેદન આનંદ થાય એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રરૂપ અનુભવ કહે છે. એનું નામ ભગવાન ધર્મ કહે છે. એ ધર્મ અનુભવથી થાય છે એટલે અનુભવને ધર્મ કહ્યો છે.

અહીંયાં તો સ્થાપનાની વાત ચાલી છે. ભગવાન તીર્થંકરદેવની સ્થાપના એ પણ ધર્માત્માને સમ્યગ્જ્ઞાન થતાં પૂર્ણ વીતરાગ ન હોય ત્યારે તેને શુભરાગમાં પૂજ્યપણું ઉત્પન્ન થયા વિના રહેતું નથી. શુભરાગને કારણે ભગવાનની પ્રતિમામાં બહુમાન આવે છે. કેમ આવે છે એ હવે કહે છે.

'**સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રાને દેખી...**' જુઓ! અહીંથી શરૂ થાય છે. છે ને એમાં? '**સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રાને દેખી...**' પહેલી તો વાત એ છે કે આ આત્મા સ્વજ્ઞાનથી સ્વને વેદન કરી શકે છે. જ્ઞાન જ્ઞાનથી જણાય. જ્ઞાન રાગથી નહિ, વિકારથી નહિ, સંયોગથી નહિ, પુસ્તક-પાનાથી નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ જ્ઞાન ન જણાય. સ્વસંવેદનરૂપ—એ જ્ઞાન જ્ઞાનના પોતાના સ્વસંવેદન વેદનથી જણાય એવું સ્વરૂપ છે. એવું જે જાણ્યું અને આત્મા અક્રિયબિંબ જ્ઞાનની મૂર્તિ છે એમ જાણવા પછી જ્યારે શુભરાગ ને વિકલ્પ ઉઠ્યો અને વીતરાગ મુદ્રા ઉપર એનું લક્ષ જાય છે, ત્યારે કહે છે કે વીતરાગ જ મુદ્રા. '**સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રાને દેખી...**' પ્રતિમાને એમ કહે છે. વીતરાગમુદ્રા જાણી. જ્ઞાનનું વેદન અક્રિયબિંબ જાણે ઠર્યું હોય અને પુણ્ય-પાપનો વિકલ્પ જાણે ન હોય એવા સ્વરૂપની પ્રતિબિંબ દશા દેખીને '**સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે-**' એ ભગવાનની મૂર્તિ દેખી વીતરાગ શાંત નિર્વિકાર, નિઃશણગાર, અવસ્ત્ર અને શાંત પ્રતિમા.

પોતાનો સ્વભાવ શાંત છે, અનાકુળ છે, રાગની ક્રિયા વિનાનો છે. એવું ભાન થતાં રાગમાં વીતરાગની મુદ્રા દેખતા '**સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે**' અહો..! અક્રિયબિંબ ભગવાન થયા એ મારું સ્વરૂપ પણ એવું અક્રિય છે. રાગ વિનાનું, શરીરની ક્રિયા વિનાનું, મન વિનાનું ચિદ્‌બિંબ, જિનબિંબ મારું સ્વરૂપ જ ચિદ્‌જ્ઞાન બિંબ અને જિનબિંબ

છે. એમ જિનબિંબને દેખીને પોતાને જે વિકલ્પ પોતાના કારણે આવ્યો એમાં, કહે છે, '**સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે–**' પોતાનો સ્વભાવ વિચારે. શું વિચારે?

'**પૂર્વે એ સરાગ હતા,...**' એ વીતરાગ પ્રતિમા છે એ વીતરાગ ભગવાન પણ પૂર્વે રાગવાળા હતા. '**રાગ મિટાકર વીતરાગ હુએ હૈં.**' ઉપદેશના વાક્ય તો સમજવા માટે તો એમ જ કહે ને. રાગને મટાડ્યો એટલે કે વીતરાગી ચિદ્‌બિંબ આત્માના સ્વરૂપમાં લીન થયા. એણે રાગને હટાવ્યો, મટાડ્યો અને વીતરાગ થયા. સમજાય છે? રાગ શબ્દે પુણ્ય-પાપ નિમિત્તની રુચિપૂર્વકનો રાગ બધો રાગ છે. એ પણ સર્વજ્ઞ ભગવાન થવા પહેલા તે પણ અજ્ઞાની જ્ઞાન થયા પહેલા એ અજ્ઞાની હતા. અને જ્ઞાન થયા પછી પણ જ્યારે રાગ હતો એ સ્વરૂપની લીનતા અંતરની લીન દ્વારા રાગને ટાળી એટલે કે રાગનો વ્યય થઈ અને વીતરાગ થઈ એમ કહીને કહ્યું કે વીતરાગ કાંઈ અનાદિનો નહોતો હતો એ.

અનાદિ કા વીતરાગ નહીં થા. વીતરાગ તો રાગસહિત જે સંસારમાં પહેલી દશા હતી એના સ્વભાવના આશ્રયે વ્યય કરીને સ્વભાવની વીતરાગતા એમણે ઉત્પન્ન કરી છે. .. ધર્માત્મા પણ વિચારે છે કે હું સરાગ છું. મારામાં, મારી પર્યાયમાં મારી કમજોરીથી જરી રાગની વૃત્તિ ઉઠે છે.

'**ઉનકી ભાંતિ યદિ મૈં ભી રાગ મિટાઉં તો અપને વીતરાગપદકો પ્રાપ્ત કરું.**' એમણે રાગ મટાડ્યો. રાગ શબ્દે વ્યવહારરત્નત્રય. વ્યવહારરત્નત્રય એ બધો રાગ છે. બ્રહ્મચારીજી! એ વ્યવહારરત્નત્રય વિકલ્પ ઉઠે છે પંચ મહાવ્રતનો, બાર વ્રતનો, દેવ-ગુરુ-શાસ્ત્રની પ્રતીતિનો, શાસ્ત્રના ભણતરનો વિકલ્પ એ બધો વ્યવહાર રાગ છે. એ હું રાગ છું, સરાગ છું. મારામાં સરાગ પર્યાય થાય છે. '**યદિ મૈં ભી રાગ મિટાઉં...**' એમણે પણ રાગનો નાશ કરી, મટાડી અને વીતરાગ થયા એની પેઠે મટાડું તો '**અપને વીતરાગપદકો પ્રાપ્ત કરું.**' વીતરાગ મારું પદ હું પ્રાપ્ત કરું. કોઈ ભગવાન મારા પદને આપી દેતું નથી. મારું સ્વરૂપ સચ્ચિદાનંદ, જ્ઞાનાનંદ આનંદકંદ સચ્ચિદાનંદ હું છું. સત્ નામ ત્રિકાળ, ચિદ્ નામ જ્ઞાન અને આનંદનો ભંડાર છું. મારી વર્તમાન દશામાં વિકાર ક્ષણિક પુણ્ય-પાપ દેખાય છે એ આકુળતા અને ઉપાધિ છે. એ પર્યાયબુદ્ધિ છોડીને સ્વભાવબુદ્ધિ થઈ તો એની સ્થાપના યથાર્થપણે હોય છે. મિથ્યાદૃષ્ટિની સ્થાપના યથાર્થપણે હોતી નથી.

જોકે સ્થાપના તો વ્યવહાર છે, જ્ઞાનનું જ્ઞેય છે. તો જ્ઞાનનું ભાન જેને સ્વનું થયું એને વિકલ્પ ઉઠ્યો ત્યારે એ મારામાં વિકલ્પ છે અથવા હું રાગ છું. વ્યવહારે જ્ઞેય છે એમ કહેવામાં આવે છે. એને ખરેખર પ્રતિમા પૂજ્ય વ્યવહારે સમકિતીને છે. મિથ્યાદૃષ્ટિને ખરેખર પૂજ્ય છે નહિ. ભગવાનની સ્તુતિ કરતાં 'સંમતભદ્રાચાર્ય' પણ કહે છે, 'હે નાથ! આપ અભવિને પૂજ્ય નથી. અભવિ કો આપ પૂજ્ય નહીં. આપ તો જ્ઞાનીકો હી પૂજ્ય હૈં. ક્યોંકિ આત્મા અખંડાનંદ શુદ્ધ ચૈતન્ય કે ભાન બિના...'—જે આ વસ્તુસ્વરૂપ છે એના ભાન વિના એ

અભવિને વીતરાગતા અને સર્વજ્ઞતા શું છે એને પ્રતીતમાં આવતી નથી. માટે અભવિને તમે પૂજ્ય છો જ નહિ. અભવિને પૂજ્ય છો જ નહિ સર્વજ્ઞ. એ તો જ્ઞાનીને પૂજ્ય છે. એને ભાન થયું કે જ્ઞાન શક્તિ મારામાં છે. એમાંથી વ્યક્ત કરીને સર્વજ્ઞ થયા. મારામાં સર્વજ્ઞ શક્તિ ત્રિકાળ છે. એના આશ્રયથી હું પણ સર્વજ્ઞ થવાનો છું. એવી પ્રતીત કરનારને ભગવાન પૂજ્ય છે. અજ્ઞાનીને પૂજ્ય નથી.

અહીંયાં કહે છે કે ભગવાનને સર્વજ્ઞને પૂજ્ય કોણ માને છે? અને પ્રતિમાને પણ પૂજ્ય કોણ માને છે? વ્યવહારથી. હું તો સરાગ વર્તમાનમાં છું. રાગ મટાડીને વીતરાગ થયા. હું પણ રાગ મટાડીને વીતરાગ મારા પદને હું પ્રાપ્ત કરું. નિશ્ચય હું છું, વીતરાગ છું. નિશ્ચયમાં તો છું. વર્તમાન પણ વીતરાગ થાઉં. ખરેખર તો મારો સ્વભાવ જ વીતરાગ રાગરહિત, વિકલ્પરહિત, નિમિત્તરહિત, અપેક્ષા રહિત (છે). પરની કંઈ અપેક્ષા મારા સ્વરૂપમાં ધ્રુવ નિત્યાનંદમાં છે નહિ. પરની ઉપેક્ષાવાળો મારો ત્રિકાળી સ્વભાવ છે. એની અપેક્ષાવાળો મારો સ્વભાવ નથી. એવો નિશ્ચયથી તો હું વીતરાગ જ્ઞાનબિંબ ચિદ્દઘન ચૈતન્ય પ્રતિમા છું. ચૈતન્ય પ્રતિમા. પણ વર્તમાનમાં મારી પર્યાયમાં રાગ છે. એ (રાગને) સ્વભાવના અવલંબને છોડીને હું વીતરાગ થાઉં. એવી મારી ભાવના છે. જ્ઞાની એ વીતરાગ સર્વજ્ઞને અથવા પ્રતિમાને આ રીતે પૂજ્ય માને છે. એ ઉત્તમ છે.

જુઓ! દૃષ્ટાંત દાખલો આપ્યો ઓલા શાસ્ત્રના વચનનો. '**पिच्छहु अरहो देवो पच्छरघडियोहु दरसयं मग्गं**'. દેખો! અરિહંતદેવ પત્થરથી ઘડેલા પ્રતિમા, પત્થરથી ઘડેલી પ્રતિમા '**दरसयं मग्गं**' પણ માર્ગને દેખાડે છે. એ નિમિત્તથી કથન છે. .. એમ છે. દેખો! અરિહંતદેવની પ્રતિમા વીતરાગ મુદ્રા શાંત. સ્ત્રી નહિ, વસ્ત્ર નહિ, શસ્ત્ર નહિ, કંઈ નહિ એવી ચિદાનંદ મૂર્તિ આમ ઠરીને પડી છે. દેખો! '**अरहो देवो पच्छरघडियोहु दरसयं मग्गं**' પત્થરથી ઘડાયેલી પણ ખરેખર તે માર્ગને દેખાડે છે. પ્રતિમા માર્ગને દેખાડે છે. એ તો જેને માર્ગનું ભાન થયું કે હું જ્ઞાનાનંદ છું, ચિદાનંદ છું. શરીરના રજકણથી પાર મારી શક્તિ છે. પુણ્ય-પાપના વિકારથી પણ મારી શક્તિ તો અધિક દૂર છે. એવો મારો સ્વભાવ (છે). એવું ભાન થયું, પ્રતિમા પોતાને વીતરાગી માર્ગ દેખાડે છે. ભાઈ! પ્રતિમા માર્ગ દેખાડે છે. ..ભાઈ!

માથે કીધું ને વીતરાગ મુદ્રા. ઓહો..! શાંત... શાંત... લોકાલોકને દેખે છે, જાણે છે. બસ! કાંઈ વિકલ્પ નહિ. સંસારમાં ખળભળાટ હો, અનુકૂળતા હો, મારફાટ હો કે અશાંતિ ..અનેક જીવ મુક્તિએ જનારા તૈયાર હો, એને તો કાંઈ છે નહિ. છે? એક સમયમાં ૧૦૮ મોક્ષે જનારા હોય. અને મારફાટ એક સમયમાં નરક અને નારકીમાં હો. દેખે-જાણે છે. બસ! દેખે-જાણે છે. લોકાલોકને દેખે-જાણે છે. એવા સ્વભાવની પ્રતિમા વીતરાગ મુદ્રા આત્માના મોક્ષમાર્ગને દેખાડે છે. ઠરો... ઠરો... ઠરો... તમારા સ્વરૂપમાં જ્ઞાન છે, જ્ઞાતા છું, જ્ઞાયક છું પણ વિકલ્પ ઉઠે એ અને નિમિત્ત-ફિમિત નહિ. એનો મારા સ્વરૂપમાં અભાવ છે. નિમિત્તનો

પણ મારા સ્વભાવમાં અત્યંત અભાવ છે અને પુણ્ય-પાપ વ્યવહાર સંસારનો વિકલ્પ ઉદયભાવ એનો મારા સ્વભાવમાં અત્યંત અભાવ છે. સ્વભાવમાં અત્યંત અભાવ છે. આવો માર્ગ વીતરાગ મુદ્રા દેખાડે છે.

'**दरसयं मग्गं**' દેખાડે છે. '**ઈસ સ્થાપનાકે નિમિત્તસે...**' જુઓ! નિમિત્તની વાત છે હોં એ. સમજે એને નિમિત્ત કહેવાય કે ન સમજે એને (નિમિત્ત) ક્યાંથી? નિમિત્તનો તો આ મોટો ઝઘડો ઉઠ્યો છે અત્યારે. જ્ઞાયકનું ભાન થયું એને (સર્વજ્ઞ) નિમિત્ત કહેવાય છે. નહિતર એના નિમિત્તથી થાય તો અનંતા સર્વજ્ઞ પાસે જઈ આવ્યા. સર્વજ્ઞની સભામાં સમવસરણમાં પણ અનંત વાર ગયો. અને સમવસરણમાં મણિરત્નના થાળમાં... સમજાય છે? કલ્પવૃક્ષના ફૂલે ભગવાનની સાક્ષાત્ પૂજા કરી. પણ એ તો પુણ્ય છે, શુભ છે, વિકાર છે. આત્મા જ્ઞાયક ચિદાનંદના સ્વાવલંબી ભાન વિના એ ભગવાન નિમિત્ત પણ થઈ શકતા નથી.

અહીં કહે છે. પણ અહીં તો સ્થાપનાને નિમિત્ત કીધું. સાક્ષાત્ પ્રતિમા બિંબ પડી હોય. ચિદાનંદ... ચિદાનંદ... ચિદાનંદ... શણગાર નહિ, આયુધ નહિ, સ્ત્રી નહિ. શાંત... શાંત... શાંત... એવા સ્થાપનાના નિમિત્તથી '**તીન કાલ, તીન લોકમેં ભવ્યજીવ ધર્મ સાધતે હૈં,...**' ભવ્યજીવ ધર્મ સાધે છે. ભવ્ય નામ લાયક. જેની પ્રગટ થવાની લાયકાત છે એને સ્થાપના નિમિત્ત કહેવામાં આવે છે. એ સ્થાપના .. પ્રતિમા દેતી લેતી નથી. પ્રતિમા તો પત્થરથી ઘડી છે. એ તો બતાવ્યું. એ તો પત્થરની ઘડેલી છે. પણ હું અક્રમ જ્ઞાયક ચિદાનંદ છું. એવું ભાન થયું. .. ઠરી જાવ... ઠરી જાવ... શાંત થઈ જાવ... અનાકુળ શાંતરસમાં ડૂબી જાવ. ઉપશમ રસ તારો સ્વભાવ છે. અકષાય સ્વભાવમાં સ્થિર થાવ એમ માર્ગ બતાવે છે.

એ સ્થાપનાના કારણે ત્રણ કાળમાં અને ત્રણ લોકમાં ભવ્યજીવ ધર્મ સાધે છે. નિમિત્તના વચન સાંભળીને લોકો નિમિત્તમાં જ બધો આરોપ દઈ દે છે. સમજાય છે? અહીં તો વ્યવહારથી કથન કર્યું છે. જેને આત્માનું ભાન છે, મારો સ્વભાવ જ જ્ઞાયક છે, એ રાગ ઉઠે છે સ્વકાળનો એ જાતનો અપરાધ છે અને નિમિત્ત પર છે. એવો ભાસ થયો, ભાવનો ભાસ થયો, ચૈતન્યના ભાવના ભાસનમાં ભગવાનની પ્રતિમા ત્રણ લોક ત્રણ કાળમાં નિમિત્તપણે '**ભવ્યજીવ ધર્મ સાધતે હૈં,...**' જો ભગવાનથી ધર્મ... પ્રતિમાથી થતો હોય તો પ્રતિમા દેખીને બધાને થાવો જોઈએ. ચકલા ઊડી ઊડીને ભગવાનની પ્રતિમા ઉપર બેસે તો એની મુક્તિ થાવી જોઈએ. એનાથી થતી નથી.

ભવ્યજીવ નામ જેની અંતરમાં લાયકાત ચિદાનંદ સ્વભાવ અક્રિય રાગરહિત, પરની ક્રિયા વિનાનો અને રાગ વિનાની મારા જ્ઞાનની ક્રિયાવાળો એવો મારો સ્વભાવ સ્વતંત્ર છે. એનો જેને ભાસ થયો, ત્રણ કાળ ત્રણ લોકમાં ભવ્યજીવ સ્થાપનાના નિમિત્તે ધર્મ સાધે છે. છે? નારકી સાધે છે કે નહિ? એને કોઈ સ્મરણ આવે. એને સ્મરણમાં આવે કે આવા ભગવાન

હતા. આવા ભગવાન પૂર્વે અમે જોયા છે. જાતિસ્મરણ થાય છે કેટલાક નારકીને. એ જાતિસ્મરણ ... ઓહો..! પ્રતિમા આવી હતી. સમજાય છે? તીર્થંકરની પ્રતિમા આવી મનુષ્યક્ષેત્રમાં હતી. એવું ભાન થઈને પણ એના કારણે વિચારરૂપ થઈને ધર્મ સાધે છે. મનુષ્યલોકમાં સાધે છે, દેવલોકમાં શાશ્વત પ્રતિમા છે. નારકીમાં પણ જાતિસ્મરણ વડે સ્થાપના વગેરેનું લક્ષ કરીને, વિચારણા કરીને ધર્મ સાધે છે. ..કહે છે ને ભાઈ! ભવનપતિ છે ને? ભવનપતિ છે ત્યાં એના વિમાનમાં મંદિરો છે, પ્રતિમાઓ છે. ભવનપતિમા અકૃત્રિમ શાશ્વત પ્રતિમા છે. ત્રણ લોકની અંદર શાશ્વત પ્રતિમાઓ વીતરાગ મુદ્રા સહિત છે. એને દેખીને ભવ્યજીવ ધર્મ સાધે છે. દેવ પણ સાધે છે ને ત્યાં ભવનપતિ? કેટલાક સમ્યગ્દૃષ્ટિ હોય છે. પોતાના સ્વરૂપને ઓહોહો..! આ પરમાત્મા આવા! લોકની સાથે (અનાદિથી) જેમ આત્મા સર્વજ્ઞ થાય છે, એમ સર્વજ્ઞની પ્રતિમા પણ લોકની સાથે અકૃત્રિમ અનાદિ હોય છે. અનાદિથી. લોક અકૃત્રિમ અનાદિ, એમ પ્રતિમા પણ અકૃત્રિમ અનાદિ (છે). એમ વિચાર કરી પ્રતિમાને જોઈ ભવ્યજીવ અધોલોકમાં, મધ્યલોકમાં અને ઊર્ધ્વલોકમાં ભવ્યજીવ ધર્મ સાધે છે. પ્રતિમાને જેણે ઉથાપી છે એને ધર્મની ખબર નથી. ધર્મ (કેમ) થાય? સમ્યગ્દર્શન શું છે એ પણ એને ખબર નથી.

સમ્યગ્દૃષ્ટિને વીતરાગપણું જ્યાં સુધી ન આવે ત્યાં સુધી આમ આકૃતિ દેખીને પોતાના કારણે રાગ આવ્યા વિના રહેતો નથી. પરને કારણે નહિ. સ્થાપનાને કારણે નહિ. એને રાગની ભૂમિકા છે તો એનું લક્ષ આમ જાય છે કે ઓહો..! સર્વજ્ઞદેવ આવા હોય. પરમાત્મા ઠરી ગયા આમ. ત્રણ કાળ ત્રણ લોકનું જ્ઞાન સ્વપરપ્રકાશક પ્રગટ કરી અને પરમાનંદનો અનુભવ કરે છે. એવી સ્થાપનાને દેખી ત્રણ કાળ ત્રણ લોકમાં ભવ્યજીવ ધર્મ સાધે છે. જુઓ, આ સ્થાપનાની વાત છે. ચાર નિક્ષેપની વાત ચાલે છે ને? અરિહંતના ચાર નિક્ષેપની વાત ચાલે છે કે નામ નિક્ષેપથી પણ ઘણા તર્યા, સ્થાપનાથી પણ તર્યા પોતાના ભાનવાળા. **‘ઇસસે સ્થાપના પરમ પૂજ્ય હૈ.’** સ્થાપના ભગવાનની પરમ પૂજ્ય છે.

હવે દ્રવ્યનિક્ષેપ. **‘દ્રવ્યજિન દ્રવ્યજીવ (હૈ) વહ ભી ભાવ પૂજ્ય હૈ.’** શું કહે છે? દ્રવ્યજિન દ્રવ્યજીવ. એનો આત્મા તીર્થંકર થવાનો છે એવો જે દ્રવ્યજિન દ્રવ્યજીવ. .. **‘દ્રવ્યજિન દ્રવ્યજીવ (હૈ) વહ ભી ભાવ પૂજ્ય હૈ.’** વર્તમાનમાં એ તીર્થંકર નથી પણ એ તીર્થંકર થવાનો પૂજનીક, એ દ્રવ્યજિન તરીકે પણ પૂજનીક છે. સમજ્યા? .. ત્રણ કલ્યાણકની પછી વાત લેશે હોં. .. વાત લે છે. **‘અથવા તીન કલ્યાણક તક દ્રવ્યજિન હૈં, વે પૂજ્ય હૈં.’** એ જુદી વાત લેશે. અહીં તો એ કહે છે કે દ્રવ્ય તીર્થંકર છે, અત્યારે ત્રણ કલ્યાણક નથી એવી .. ઉઠાવી છે. દ્રવ્યજિન દ્રવ્યજીવ તે ભાવ પૂજ્ય છે. એ સિવાય બીજા પૂજ્ય ભાવ છે નહિ. ભાવિ નયની અપેક્ષાએ પૂજ્ય છે. ભવિષ્યમાં થવાના છે એ નયે એ વર્તમાન પણ પૂજ્ય છે. ..ભાઈ!

'**અથવા...**' એ દ્રવ્યના ભેદ પાડ્યા છે. '**તીન કલ્યાણક તક દ્રવ્યજિન હૈં,...**' ત્રણ કલ્યાણક. સમજાણું? જન્મ કલ્યાણક ગર્ભ કલ્યાણક, .. દીક્ષા કલ્યાણક. ત્રણ કેવળજ્ઞાન થાય ત્યારે તો ભાવજિન છે. કેવળજ્ઞાન તો ભાવજિન છે. પ્રથમ જન્મ કલ્યાણક, ગર્ભ કલ્યાણક અને દીક્ષા કલ્યાણક. એ કલ્યાણકમાં.. તીર્થંકરનો આત્મા એ દ્રવ્યજિન છે. '**વે પૂજ્ય હૈં.**' જુઓ! ભગવાન જ્યાં જન્મે છે ત્યાં ઇન્દ્રો પૂજે છે. જન્મે છે ત્યાં ઇન્દ્રો આવીને પૂજે છે. એ દ્રવ્યજિન છે. ભવિષ્યમાં થવાના છે. એમ કરીને પણ વર્તમાન દ્રવ્યજિન પૂજનીક છે. નામ પૂજનીક, સ્થાપના પૂજનીક, દ્રવ્ય પૂજનીક અને ભાવ .. ચારેય પૂજનીક છે. એ જ્ઞાનીના જ્ઞાનમાં વીતરાગતાનો સ્વભાવમાં ભાસ થયો, પૂર્ણ વીતરાગતાને પામેલા અને પામનારા, પામવાને લાયકવાળા, પામેલાની સ્થાપના ને આકાર અને પામેલાનું નામ. એ ચારેય જ્ઞાનીને પૂજ્ય છે. શુભરાગ આવતા પૂજનીક ભાવ થયા વિના રહેતો નથી. કહો, સમજાણું કાંઈ? લ્યો, આ દ્રવ્યજિનની વાત કરી.

હવે ભાવજિન. ભાવજિન. '**સમવસરણમંડિત, અનંત ચતુષ્ટયયુક્ત ભાવજિન ભવ્યજીવોંકો તારેં,...**' સમવસરણમંડિત ધર્મસભા બાર જાતની. અનંત ચતુષ્ટયયુક્ત. એ સમવસરણ પુણ્યની ઋદ્ધિ લીધી. અને અનંતચતુષ્ટય એટલે અંતરની રુચિ લીધી. બાહ્ય અને અભ્યંતર બેય. અનંત ચતુષ્ટય—અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય એવી જેની શક્તિમાંથી વ્યક્ત પ્રગટ દશા થઈ '**ભવ્યજીવોંકો તારે,...**' ભવ્યજીવને તારે. ઉપચારથી (કથન) છે. જેની .. નીકળવાની લાયકાત અંતરમાં થઈ અને જ્ઞાનાનંદ સ્વભાવનું ભાન. આ જ્ઞાન જ કોઈ એવું છે કે એની કળા ખીલતા-ખીલતા સર્વજ્ઞને પામી જાય. એવી કળા મતિજ્ઞાનના એક અંશની કળામાં કેવળજ્ઞાનની કળાનો ખ્યાલ આવી ગયો. મતિજ્ઞાનના એક અંશની કળામાં રાગ અને નિમિત્ત વિનાની સ્વસંવેદનના એક અંશમાં મતિજ્ઞાન સમ્યક્ કળા એવી છે કે કેવળજ્ઞાન કળામાંથી પ્રગટશે. એમ એને પ્રતીત આવી ગઈ છે.

માટે કહે છે કે ભવ્યજીવ સર્વજ્ઞ પરમાત્મા જે સમવસરણમાં મંડિત છે. '**અનંતચતુષ્ટય ભવ્યજીવોંકો તારે,...**' ભવ્યોને તારે. એટલે એનો અર્થ એ થયો કે લાયક છે તેને તારણ કરવાનું નિમિત્ત થાય છે. .. ભવ્ય મૂક્યા હતા. આત્મામાં પણ ભવ્યજીવ ધર્મ સાધે એમ કહ્યું. અને આમાં પણ ભવ્યજીવ એટલે લાયક જીવ હોય એને વીતરાગ નિમિત્ત થાય. ન લાયક હોય એને વીતરાગ કાંઈ પરાણે આપતા નથી. એ નિમિત્તની વાતે કરી જાય એવી વાત ત્રણ કાળમાં છે નહિ.

'**દિવ્યધ્વનિસે ઉપદેશ દેકર...**' હવે કહે છે. '**દિવ્યધ્વનિસે ઉપદેશ દેકર...**' દિવ્યધ્વનિ છૂટી. સર્વજ્ઞ ભગવાન સમવસરણમાં હોય, અનંતચતુષ્ટય યુક્ત '**દિવ્યધ્વનિસે ઉપદેશ દેકર સાક્ષાત્ મોક્ષમાર્ગકી વર્ષા કરેં...**' લ્યો! સાક્ષાત્ મોક્ષમાર્ગનો વરસાદ વરસાવે. સમવસરણમાં દિવ્યધ્વનિ દ્વારા. પણ મોક્ષમાર્ગ જેને સમજાય એને સાક્ષાત્ મોક્ષમાર્ગ વર્ષા કરે એમ કહેવાય

છે. સાક્ષાત્ મોક્ષમાર્ગ આત્માના આનંદઘનનો ચિદાનંદ પરમાત્મા અનંતગુણનો સાગર છું. તારા ગુણની કળા એ તારી પાસે પૂરી પડી છે. એ પૂરો પરમાત્મા ઈશ્વર શક્તિવાન છો. તું ભગવાન છો, તું ઈશ્વર છો, તું પરમાત્મા છો. તારા પ્રભુત્વની શક્તિ તારા દ્રવ્યમાં વ્યાપી, ગુણમાં વ્યાપી અને પર્યાયમાં વ્યાપી. પ્રભુત્વ ત્રણેમાં પ્રભુ છો તું. પર્યાયમાં પણ પ્રભુ, ગુણમાં પણ પ્રભુ અને દ્રવ્યમાં પ્રભુ. પ્રભુત્વ શક્તિ છે ને? શક્તિ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમાં રહે છે. એ પ્રભુતા કાંઈ બહારથી લાવવી નથી પડતી.

**'દિવ્યધ્વનિસે ઉપદેશ દેકર સાક્ષાત્ મોક્ષમાર્ગકી વર્ષા કરેં-'** વરસાદ વરસાવે. **'ઐસે પરમાત્માકો ભાવજિન કહા જાતા હૈ.'** આવા જીવને પરમાત્મા ભાવજિન, ભાવજિન કહેવાય છે. સાક્ષાત્ મોક્ષમાર્ગ એટલે શું? કે આત્માના સ્વભાવ સન્મુખના માર્ગની જ મુખ્ય વાત તો કરે છે ભાઈ! વીતરાગ. સાક્ષાત્ મોક્ષમાર્ગ એટલે પરંપરાનો જે વિકલ્પ છે એ વાત ગૌણ રહી જાય છે. સમજાય છે શું કહેવા માગે છે? દિવ્યધ્વનિમાં સાર શું આવે છે? સર્વજ્ઞની વાણીમાં સાર-સાર. સાક્ષાત્ મોક્ષમાર્ગ. એટલે આત્માના સ્વભાવ સન્મુખની દૃષ્ટિ, જ્ઞાન ને રમણતા વીતરાગ મોક્ષમાર્ગ કહે છે. એવો રાગ ઉઠે, વિકલ્પ ઉઠે એને મોક્ષમાર્ગ ભગવાન કહેતા નથી. .. સર્વ શાસ્ત્રનું તાત્પર્ય તો વીતરાગતા છે. તો વીતરાગ .. સાક્ષાત્ મોક્ષમાર્ગ એ તાત્પર્ય છે. તો વિકલ્પ ઉઠે છે વ્યવહાર એ મોક્ષમાર્ગ નથી. એ તો બંધમાર્ગ છે. સમજાય છે?

**'દિવ્યધ્વનિસે ઉપદેશ દેકર...'** સાક્ષાત્ મોક્ષમાર્ગનો વરસાદ... વરસાદ.. વરસાવે છે. એટલે કે વીતરાગભાવ ચૈતન્યની સન્મુખ જા. વ્યવહાર ને નિમિત્તની ઉપેક્ષા કર, સ્વભાવની અપેક્ષા કર, નિમિત્ત અને વ્યવહારની અપેક્ષા છોડ. એવો ભગવાનની દિવ્યધ્વનિમાં ઉપદેશ આવે છે. સમજાય છે કાંઈ? નિમિત્ત ને રાગની ઉપેક્ષા છોડ અને સ્વભાવની અપેક્ષા કર. પરની અપેક્ષા છોડ, સ્વની અપેક્ષા કર. એવો જ દિવ્યધ્વનિમાં ઉપદેશ છે. ..નિત્યાનંદ પ્રભુ **'भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो'** વીતરાગની વાણીમાં એ અભૂતાર્થ ચિદાનંદ થતો પદાર્થ નિત્યાનંદ છે. એને અવલંબે સમ્યગ્દર્શન થાય છે. એ પર્યાય, રાગ ને નિમિત્તને અવલંબે થતો નથી. સ્વભાવ ભૂતાર્થ, એને અવલંબે સ્વસંવેદન જ્ઞાન થાય છે એ શાસ્ત્રથી, વિકલ્પથી અને નિમિત્તથી થતું નથી. .. સ્વસ્વભાવને અવલંબે ભૂતાર્થ, એને અવલંબે જ ચારિત્રદશા થાય છે. કોઈ પંચ મહાવ્રત ને વિકલ્પને લઈને ચારિત્ર થતું નથી. સમજાણું કાંઈ?

**'દિવ્યધ્વનિસે ઉપદેશ દેકર...'** સાક્ષાત્ મોક્ષમાર્ગ વર્ષા કરે. એ વીતરાગની વાણીમાં તો રાગરહિત વીતરાગતાની જ વાત આવે છે. રાગ વચ્ચે આવે એનું જ્ઞાન કરાવે. પણ વીતરાગતા એક આદરણીય છે. એક જ વાત કહે છે. .. વીતરાગભાવ એક જ આદરણીય છે. પણ નિમિત્તની અપેક્ષા કરવી એ રાગ છે, રાગની અપેક્ષા કરવી એ રાગ છે, પર્યાયની અપેક્ષા કરવી એ પણ રાગ છે. પર્યાયની અપેક્ષાએ .. પર્યાય એનો આશ્રય કરે તો રાગનો

વિકલ્પ ઉત્પન્ન થાય છે. એ તો ચિદાનંદ શક્તિનું અવલંબન કરાવવા દૃષ્ટિ, જ્ઞાન અને વીતરાગભાવ જ ઉપદેશ કરે છે. બીજો ઉપદેશ વીતરાગની દિવ્યધ્વનિમાં મુખ્ય આવે નહિ, બીજાનું જ્ઞાન કરાવે.

એ '**દિવ્યધ્વનિસે ઉપદેશ દેકર સાક્ષાત્ મોક્ષમાર્ગ વર્ષા કરેં–**' જુઓ વર્ષા કેમ લીધું છે? કષાય અગ્નિને શીતળ કરે. સમજાય છે? વીતરાગની વાણીમાં એ ભાવ આવે છે કે જેટલો વિકલ્પ પુણ્ય-પાપનો કષાયરૂપી અગ્નિ થાય છે એ સ્વભાવની શાંતિ સન્મુખમાં થઈ અગ્નિ ઓલવાય. એ કષાયની અગ્નિ, કષાયને કરતા કરતા ઓલવાય? ઓલવાય સમજ્યાને? બુજાઈ. બુજા દિયા. કષાયથી કષાય નથી ઓલવાતી. અકષાયભાવથી કષાય ઓલવાય છે. તો એ વર્ષા લીધી છે. '**ઉપદેશ દેકર સાક્ષાત્ મોક્ષમાર્ગકી વર્ષા કરેં–**' કે અગ્નિ હો તોપણ ઠરી જાય વરસાદમાં. વીતરાગની વાણીમાં એમ આવે છે, અહો..! તારો સ્વભાવ અમૃતપિંડ છે, નિત્યાનંદ છે, અનાકુળ શાંતરસથી ભરેલો ધ્રુવ છે. એના સન્મુખ દૃષ્ટિ જ્ઞાન ને રમણતા થઈ સંસારની દાવાનળ અગ્નિ જે વિકલ્પમાં ઉઠી છે એ ઓલાવાનું સાધન છે, બીજું કોઈ સાધન છે નહિ.

વીતરાગની વાણીમાં, એક શુભરાગ પણ આદરણીય છે એ વાણીમાં ન આવ્યું. એ '**દિવ્યધ્વનિસે ઉપદેશ દેકર સાક્ષાત્ મોક્ષમાર્ગકી વર્ષા કરેં–**' એ તો મોક્ષમાર્ગનો વરસાદ વરસાવે છે. વીતરાગ શાંતિ... શાંતિ... શાંતિ... દુનિયા દુનિયાને કારણે પરિણમી જાય છે. તારું પરિણમન તારા સ્વભાવને આધારે છે. રાગને નહિ, સંયોગને નહિ, નિમિત્તને નહિ. શરીર ને સંહનનને કારણે પણ તારી શાંતિ નથી. એવો સાક્ષાત્ મોક્ષમાર્ગની વર્ષા કરે. અનાદિ સંસાર ધખે છે દાવાનળ વિકલ્પ ને પુણ્ય-પાપના વિકારમાં એને સ્વભાવની શાંતિનો માર્ગ વરસાવી અને એને શાંત કરે છે. એને પરમાત્મા ભાવજિન કહે છે. આ સર્વજ્ઞને ઓળખવાનું સાધન કીધું. ભગવાનની વાણીમાં તો વીતરાગનો જ મોક્ષમાર્ગ, વીતરાગી મોક્ષમાર્ગ આવે છે. બાકી બધું છ દ્રવ્ય ને નવ તત્ત્વ ગમે તે વાત કરે.

હેતુ એ છે કે સ્વભાવ સન્મુખ વળ અને વિભાવની અપેક્ષા છોડ. વિભાવની અપેક્ષા છોડ. એક જ વાત વીતરાગની મૂળ વાણીમાં આવે છે. એવો વરસાદ ભગવાનની વાણીમાં નીકળે છે. ભવ્યજીવો આત્માની શાંતિને ઓળખી અને સંસારના દાવાનળને ઓલવી નાખે છે. લ્યો અહીં સુધી અરિહંતના ચાર નિક્ષેપ આ લીધા—નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ.

હવે સિદ્ધ ભગવાનનું વર્ણન કરે છે. સિદ્ધ ભગવાનનું વર્ણન કરે છે. દેવ છે ને દેવ? દેવનું વર્ણન છે ને. તો દેવ તો બે છે. અરિહંત પણ દેવ છે અને સિદ્ધ પણ દેવ છે. '**અબ સિદ્ધદેવકા વર્ણન કરતે હૈં.**' સિદ્ધનું વર્ણન કરે છે. '**સિદ્ધ નિરાકાર પરમાત્મા હૈં;...**' લ્યો! સિદ્ધ ભગવાન શરીર વિનાના. એ અરિહંતને પણ સાકાર લીધા હતા ને શરીરસહિત. શરીરયુક્ત લીધા હતા ને અરિહંતને. નિમિત્તે. સિદ્ધને નિમિત્ત છૂટી ગયું. નિરાકાર.

નિરાકાર શું? શરીર અને ઈન્દ્રિયનો આકાર નહિ. સ્વભાવ તો અરૂપી, અરૂપી સ્વ અવગાહનરૂપી આકાર છે. સ્વ અવગાહનરૂપી આકાર છે. સમજાણું કાંઈ? સ્વ અવગાહનનો તો આકાર છે પરમાત્મામાં. સિદ્ધ નિરાકાર. શરીર નહિ, વાણી નહિ, મન નહિ અને રાગ નહિ એવા પરમાત્મા નિરાકાર પરમાત્મા.

'**અનંતગુણરૂપ હુએ અપને અનંત સુખકો ગુણોં એવં પર્યાયોંસે વેદકર...**' હવે જરી એમાં સિદ્ધનું સ્વરૂપ વર્ણવે છે. ઓલું અરિહંતનું વર્ણવ્યું હતું પહેલું. કે એ કેવળજ્ઞાનમાં બધું જાણ્યું હતું. ચાર કર્મ ટળ્યા નથી. પણ અમુક કાળે ટળશે અને વ્યક્તગુણ થશે એવી વાત જ્ઞાનમાં કેવળીને એક સમયમાં આવી ગઈ છે. હવે આને ... ભાઈ! ઓલામાં .. ચાર અઘાતિ કર્મ હતા. વ્યક્ત નહોતું અને અવ્યક્ત છે. એ પછી એના જ્ઞાનમાં વ્યક્ત થઈ ગયેલું છે. એવા સિદ્ધ છે. અરિહંત ભગવાનને આત્મામાં ચાર ઘાતિ ટળીને જે ગુણ પ્રગટ્યા. અઘાતિ ટળ્યા નથી. પણ વ્યક્ત હોય ત્યારે વર્તમાન પ્રતીતિ જે ગુણની પર્યાય વ્યક્ત નથી. પણ અમુક કાળે થશે તેવું જ્ઞાન .. વર્તમાન આવી ગયું છે. સિદ્ધને બધું વ્યક્ત થઈ ગયું છે. એ માટે અહીંથી પાધરું ઉપાડ્યું.

'**અનંતગુણરૂપ હુએ...**' એ તો અનંતા-અનંતા ગુણો, એની સત્તામાં પડ્યા છે. તેની પર્યાયરૂપે પરિણમન એટલે અવસ્થા બધી થઈ ગઈ છે. '**અપને અનંત સુખકો ગુણોં એવં પર્યાયોંસે વેદકર...**' પોતાના અનંત આનંદને ગુણ અને પર્યાયથી વેદે. ગુણની પરિણતિ વડે—પર્યાય વડે ગુણને વેદે છે. સમજાય છે કાંઈ? તો એને વેદવાનું, અનુભવવાનું શું હશે સિદ્ધને? કે શરીર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, ખાવા, પીવા કે લાડવા-બાડવા ત્યાં છે? લડુ છે અંદરમાં. એ આત્મા આનંદકંદ અનંતાગુણો જે પ્રગટ થયા, '**અનંત સુખકો ગુણો એવં પર્યાયસે વેદકર...**' ગુણ અને પર્યાયને વેદે છે. ગુણ વેદે એટલે એ ગુણની પરિણતિ થઈ ને પરિણતિ? ગુણની જે અવસ્થા છે એ વડે અનંતા ગુણને વેદે છે.

'**દ્રવ્ય-ગુણકા ઉપભોગ કરતે હૈં.**' એ પોતાના દ્રવ્યને અને ગુણને પણ ભોગવે છે. જોકે ભોગવે છે તો પર્યાયને. સમજાય છે? પણ દ્રવ્ય-ગુણની શક્તિ-તાકાત કેટલી છે તેટલી પર્યાયમાં આવી ગઈ છે ખ્યાલમાં, તેથી દ્રવ્ય-ગુણને ભોગવે છે એમ કહેવામાં આવે છે. સમજાય છે? દ્રવ્ય-ગુણ અનુભવમાં ભોગવવામાં નથી આવતા. અનુભવમાં તો પર્યાય આવે છે. જ્ઞાન દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણ કાળનું આવે છે પણ અનુભવમાં તો પર્યાયનો અનુભવ થાય છે. દ્રવ્ય-ગુણનો અનુભવ નથી થતો. દ્રવ્ય-ગુણ તો ધ્રુવ ત્રિકાળ છે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે '**દ્રવ્ય-ગુણકા ઉપભોગ કરતે હૈં.**' એક સમયની જે પર્યાય છે એમાં અનંતા ગુણ અને ગુણનો પિંડ જે દ્રવ્ય એની શક્તિનો એક એક પર્યાયમાં સામર્થ્યમાં ખ્યાલ આવી ગયો છે. જ્ઞાનનો એક પર્યાય, દર્શનનો એક પર્યાય, શ્રદ્ધાનો એક પર્યાય, ચારિત્રનો એક પર્યાય, આનંદનો એક પર્યાય. .. એ અનંતા ગુણના જેટલા ગુણો છે. એના પરિણમનની

શક્તિનું સામર્થ્ય એક સમયમાં આવી ગયું છે. એ અપેક્ષાએ કહે દ્રવ્ય-ગુણને પણ સિદ્ધ ભગવાન ભોગવે છે. જેટલા અનંતા ગુણો છે એ એક સમયની પર્યાયમાં એની સત્તા, એનું પ્રમેયત્વ, એનું પ્રભુત્વ, એનું સ્વચ્છત્વ, એની શક્તિનું વિભુત્વ, એનો આનંદ દ્રવ્યનો-ગુણનો એ બધો પર્યાયમાં, ખ્યાલમાં આવી ગયો છે. માટે કહે છે કે સિદ્ધ ભગવાન પોતાના.. કથન છે. પણ સમજાવે છે તેનો વ્યવહાર આવો હોય. નિમિત્ત પણ એને લોકના શિખરનો હોય. એ સિદ્ધ થયા એટલે આમ હોય એમ હોઈ શકે નહિ.

'**ષટ્‌ગુણીવૃદ્ધિહાનિરૂપ અર્થપર્યાય તથા ચરમદેહસે કિંચિત્ ન્યૂન, પ્રદેશોંકી આકૃતિ-આકારરૂપ વ્યંજનપર્યાય(સે યુક્ત હૈ).**' એને વ્યંજનપર્યાય કહે છે. ષટ્‌ગુણીવૃદ્ધિહાનિ. સૂક્ષ્મ વિષય છે. એવી અર્થપર્યાય દરેક ગુણની અને કર્મ શરીરથી કાંઈક પ્રદેશનો આકાર થોડો (ન્યૂન) એ વ્યંજનપર્યાય. એ બે પ્રકારની પર્યાય વર્ણવી. સિદ્ધ ભગવાનને અર્થપર્યાય અને વ્યંજનપર્યાય બે છે. શું કહ્યું? અર્થપર્યાય એટલે પ્રદેશત્વગુણ સિવાય અનંતા ગુણનો પર્યાયમાં જે અનુભવ છે તેને અર્થપર્યાય કહે છે. અને એ પ્રદેશત્વગુણને કારણે એની આકૃતિ .. તેને અહીંયાં વ્યંજનપર્યાય કહે છે. વ્યજંનપર્યાય અને અર્થપર્યાય સિદ્ધ ભગવાને કહી છે. ..ભાઈ! સમજાય છે કાંઈ આમાં? મોહનભાઈ! શું વાંચો છો? .. વઈ ગઈ છે.

સિદ્ધ ભગવાન પરમાત્મા શરીર વિના જ્ઞાનસ્વરૂપી નિરંજન નિરાકાર. પણ એના અનંતાગુણો જે પ્રદેશત્વ ગુણ સિવાયના એ બધાની વર્તમાન પર્યાય પ્રગટ થઈ તે પર્યાય સહિત છે. એ પર્યાય કાંઈ વઈ જાતી નથી. અને કિંચિત્ કર્મ શરીરથી એના પ્રદેશનો આકાર કાંઈ થોડો ઉણો એ પ્રદેશત્વગુણની વ્યંજનપર્યાય છે. એ બેય પર્યાય સહિત ભગવાન બિરાજે છે. સમજાય છે કાંઈ? પછી તો જરી દાખલો આપ્યો છે.

**मोम गयो गलि मूसिमें जारस अंबर होय;**
**पुरुषाकारैं ज्ञानमय वस्तु प्रमानौ सोय।।**

એટલે જેમ મીણ અંદર નાખ્યો હોય ને અને પુતળી કરે છે માટીની? પછી કાઢી નાખે ને વચ્ચે પોલાણ રહી જાય. એમ સિદ્ધ ભગવાન ચિદાનંદ મૂર્તિ આ દેહની ક્રિયાને જેમ પોલાણ વચમાં હોય એમ નિરંજન નિરાકાર અરૂપી .. રહે છે. એવો સિદ્ધ ભગવાનનો આકાર કહે છે.

'**દેવકો જાને તબ સ્વરૂપાનુભવ હોતા હૈ.**' એ દેવ અધિકાર થયો. આવા દેવને જાણે એને આત્માનો અનુભવ થાય છે. અનુભવપ્રકાશ છે ને? જે દેવને જાણે '**તબ સ્વરૂપાનુભવ હોતા હૈ.**' દેવ .. કહ્યું હતું. પણ આવા દેવનો આત્મા, અરિહંત અને સિદ્ધનો આત્મા અહો..! અલૌકિક સ્વભાવ પિંડ આ રીતે છે. એવું જેને જ્ઞાન થાય તેને સ્વરૂપ અનુભવ થાય. 'પ્રવચનસાર'માં કહ્યું ને ૮૦મી ગાથામાં?

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।

'પ્રવચનસાર' ૮૦મી ગાથા છે ને?

जो जाणदि अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं।
सो जाणदि अप्पाणं मोहो खलु जादि तस्स लयं।।८०।।

જે કોઈ આત્મા અરિહંત સર્વજ્ઞના દ્રવ્ય-ગુણ-પર્યાય પોતે બરાબર જાણી અને સ્વસન્મુખ થઈને એનો જે અનુભવ કરે છે એને નિશ્ચય ક્ષાયિક સમકિત થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? એ ક્ષાયિક સમકિતની વાત છે એમાં. એ '**मोहो खलु जादि तस्स लयं**' એનો (મોહ) લય થઈ જાય છે. કેમ એવા અરિહંતને દ્રવ્ય-ગુણ-પર્યાય છે. દ્રવ્ય નામ વસ્તુ, ગુણ નામ શક્તિ અને પર્યાય નામ વર્તમાન અવસ્થા. એવો .. મારો સ્વભાવ. પહેલો તો દ્રવ્ય-ગુણ-પર્યાયથી વિચાર કરે છે. પછી વિચાર કરતા એની પ્રતીત થવામાં સ્વ સ્વભાવ સન્મુખમાં જ્યારે પ્રતીત કરે છે ત્યારે કહે છે કે એને દર્શનમોહનો નાશ થયા વિના રહેતો નથી. એટલે જે કોઈ અરિહંત અને સિદ્ધના સ્વરૂપને બરાબર જાણે, ઓળખે, બરાબર અંતરમાં પ્રતીત કરે તો સ્વરૂપનો અનુભવ થયા વિના રહે નહિ. માટે બે અધિકાર 'અનુભવપ્રકાશ' ગ્રંથમાં આ કારણે મૂક્યો છે.

હવે જ્ઞાનનો અધિકાર. જુઓ! દેવ અધિકાર મૂકીને જ્ઞાનનો મહિમા શું છે? જ્ઞાન આત્માનો સ્વભાવ છે એનો મહિમા કેટલો! કેટલો સ્વભાવ છે એની વાત કરે છે.

'**જ્ઞાન, લોકાલોક સકલ જ્ઞેયકો જાનતા હૈ;...**' લ્યો! જુઓ આ આત્માનું જ્ઞાન. જાણવાનો સ્વભાવ. કેટલી તાકાત! કેટલી તાકાત! કેટલું સામર્થ્ય! લોકાલોક જાણવાનો એનો સ્વભાવ છે. ક્યાંય અટકવાનો, રાગમાં રોકાવાનો, કોઈનું કરી દેવાનો, કોઈથી નુક્સાન થવાનો, બીજાને નુક્સાન પહોંચાડવાનો જ્ઞાનમાં સ્વભાવ નથી. સમજાય છે? જ્ઞાન તો જાણવાનો સ્વભાવ છે. એ તો લોકાલોક જાણો કે થોડું જાણો, જાણવાનો સ્વભાવ છે. અહીં તો એની શક્તિની વાત કરી છે.

'**જ્ઞાન, લોકાલોક સકલ જ્ઞેયકો જાનતા હૈ;...**' શું કહ્યું? એ જાણવાનો સ્વભાવ લોકાલોક ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. કોઈને કરે નહિ, કોઈને ટાળે નહિ, કોઈથી લે નહિ અને કોઈને આપે નહિ. જાણવાનો સ્વભાવ છે. જુઓ! જ્ઞાનનો સ્વભાવ. દરેક આત્મામાં આ જાતનો સ્વભાવ છે. એનામાં રાગ-દ્વેષ રહ્યા છે તો અલ્પજ્ઞપણે રોકાણો માટે. સ્વભાવમાં એકાગ્ર થતાં અલ્પજ્ઞ ટળીને, વિકાર ટળીને, સર્વજ્ઞ થવાની તાકાત છે. એટલે સર્વજ્ઞ શક્તિથી ઉપાડ્યું છે.

'**જ્ઞાન, લોકાલોક સકલ જ્ઞેયકો જાનતા હૈ; (ક્યોંકિ) નિશ્ચયસે જિસકા જાનનેરૂપ સ્વરૂપ હૈ...**' ખરેખર તો એનું જાણવાનું સ્વરૂપ તે નિશ્ચય છે. એ જ્ઞાન પિંડ જ છે.

ચિદ્‌બિંબ જ છે. **'ઐસી જ્ઞાનકી શક્તિ હૈ.'** એમ લીધું ભાઈ! આ તો શક્તિ લીધી. સમજાય છે? જ્ઞાનની શક્તિ કોઈ એવી નથી. રાગને ટાળવો એમ પણ નહિ, રાગને રાખવો એમ પણ નહિ. વ્યવહાર ઉત્પન્ન થાય એને ટાળવા-રાખવાની શક્તિ છે નહિ. જ્ઞાનની શક્તિ તો નિશ્ચયથી જાણવાનું છે. બસ જાણવું. રાગ તો એની મેળે ટળી જાય છે. ઉત્પન્ન પણ એને કારણે તે કાળે જરી થાય છે. જ્ઞાનસ્વભાવ. આગળ લખ્યું જ્ઞાન તે જ આત્મા. માટે આચાર્યોએ જ્યાં ત્યાં જ્ઞાન તે આત્મા વર્ણવ્યો છે. શું કરે? જ્ઞાન કોની પાસેથી લે-દે અને કોને પોતે લે-દે?

**'જાનનેરૂપ સ્વરૂપ હૈ ઐસી જ્ઞાનકી શક્તિ હૈ.'** એવું જ્ઞાનનું સામર્થ્ય શક્તિ આત્માની છે. **'સંસાર અવસ્થામેં અજ્ઞાનરૂપ હુયી હૈ,...'** સંસાર, પર્યાય દશામાં તે જ્ઞાનની અજ્ઞાન નામ અલ્પજ્ઞતા થઈ ગઈ છે. ... ભગવાન દેહમાં બિરાજતો ચિદાનંદ છે. એ જ્ઞાનરૂપે .. ચિદ્‌ઘન આત્મા. જેમ ખડીનો ગાંગડો ધોળાશથી ભરેલો એમ આ આત્મા જ્ઞાનનો બિંબ છે દરેક દેહદેવળમાં. આ હાડકા જડ છે. એ તો જ્ઞાનસ્વરૂપી જ આત્મા છે. લોકાલોકને જાણવાની તાકાત .. શક્તિ છે. છતાં સંસારદશામાં .. અવસ્થાનું વર્ણન છે. શક્તિ તો આવી છતાં પર્યાયમાં (કેમ) ફેર તમે આવી વાત કરો છો ને? **'અજ્ઞાનરૂપ હુઈ હૈ.'** અજ્ઞાનરૂપ કર્યું નથી. કર્યું છે કોઈએ અજ્ઞાનરૂપ? શક્તિ છે? અજ્ઞાનરૂપ હુઈ હૈ. એ જ્ઞાન શક્તિ ત્રિકાળ છે એ વર્તમાન અલ્પજ્ઞ વિપરીત થઈ છે. કર્મથી અને કર્મની વાત છે નહિ અહીંયાં. પૂર્ણ શુદ્ધ અપને અપરાધસે અશુદ્ધરૂપ અજ્ઞાનરૂપ થઈ છે.

**'તથાપિ નિશ્ચયસે નિજશક્તિ જાતી નહીં હૈ.'** તોપણ નિશ્ચયથી જાણવાની શક્તિ ચિદાનંદનું જાણવું... જાણવું... જાણવું... લોકાલોકને જાણવું. એવી શક્તિ ત્રણ કાળમાં જતી નથી. જુઓ! આ ભરોસો કરાવે છે જ્ઞાનગુણનો. જ્ઞાનગુણનો તું ભરોસો કર. તારો સ્વભાવ છે. જગતમાં અનેક પ્રકારના તાકાતનો ભરોસો કરે છે બીજી ચીજનો. પણ એના જ્ઞાનની તાકાતનો ભરોસો કરતો નથી. જ્ઞાન શું કરે? જ્ઞાન તો લોકાલોક ત્રણ કાળ ત્રણ લોકને જાણે તેવી એની તાકાત છે. પણ સંસારરૂપી પર્યાયદશામાં અજ્ઞાનરૂપ છે. **'નિશ્ચયસે નિજશક્તિ જાતી નહીં હૈ.'** ખરેખર તેની જાણવાની શક્તિ જતી નથી.

**'બાદલ ઘટાકે આવરણસે સૂર્યકા તેજ નહીં જાતા,...'** શું કહે છે? વાદળાના ઘટાને કારણે સૂર્યનું તેજ ન જાય. ગમે તેવા વાદળાના આકાર થાય પણ કાંઈ સૂર્યનું તેજ બાદલ... સમજાય છે? **'ઉસીપ્રકાર જ્ઞાનાવરણસે જ્ઞાન નહીં જાતા;...'** એમ જ્ઞાનાવરણરૂપી વાદળાની ઘટા એનાથી ચિદાનંદ સૂર્યનો નાશ કોઈ દિવસ થાય નહિ. એનો જ્ઞાનસ્વભાવ તો એવો ને એવો પડેલો છે. અહીં પર્યાયમાં કેવળજ્ઞાન સિદ્ધ કરવું નથી, હોં! અહીં તો જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપ છે. વસ્તુ છે. વસ્તુ એવી ને એવી છે. જ્ઞાનશક્તિ તો ધ્રુવ તો એવી ને એવી. ભલે આવરણ છે જ્ઞાનાવરણનું. એ તો આવરણ તો નિમિત્તરૂપે છે. સ્વભાવને નિમિત્ત

કાંઈ કરી શકતો નથી. પર્યાય કરતો નથી તો સ્વભાવને કરે એ ત્રણ કાળમાં બને નહિ. જ્ઞાનની હીણી અવસ્થા તો આત્મા પોતે કરે ત્યારે જ્ઞાનાવરણીયને નિમિત્ત કહેવાય છે. અહીં તો કહે છે કે તારી ત્રિકાળ જાણવાની શક્તિ... પણ સૂર્યના તેજને વાદળા આડા આવે છતાં સૂર્યના તેજનો નાશ થતો નથી. એમ શુદ્ધ ધ્રુવ જ્ઞાયકશક્તિ તારી એનો ત્રણ કાળમાં નાશ થતો નથી. સમજાણું? વાદળા જાય. સૂર્યને વાદળા આવે તો આવીને જાય. એમ આવરણ હોય. પણ સ્વરૂપને આવરણ એટલે સ્વરૂપની શક્તિનો નાશ થાય એમ ત્રણ કાળમાં બને નહિ.

'**જ્ઞાન, સર્વ ગુણોંમેં બડા ગુણ હૈ;...**' જુઓ આ અનુભવપ્રકાશમાં જ્ઞાનનો અનુભવ એ જ મૂળ વસ્તુ છે. જ્ઞાનનું સ્વસંવેદન થવું એ જ અનુભવ અને ધર્મ છે. 'સમયસાર'માં પણ જ્ઞાનનું પરિણમવું તે સમકિત છે એમ લીધું છે. જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું તે સમકિત. જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું તે જ્ઞાન. જ્ઞાનનું જ્ઞાનરૂપે થવું તે ચારિત્ર. 'સમયસાર'માં લીધું છે ને? એ રાગરૂપે થયો વ્યવહાર શ્રદ્ધા, વ્યવહાર જ્ઞાન એ નહિ. જ્ઞાન સમ્યક્રૂપે પરિણમ્યું એ જ્ઞાન સમકિત છે. જ્ઞાન સમ્યક્રૂપે થયું એ જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. અને જ્ઞાનમાં સ્થિરતા તે જ્ઞાન પોતે ચારિત્ર છે. એ કહે છે, '**જ્ઞાન, સર્વ ગુણોંમેં બડા ગુણ હૈ;...**' લ્યો જ્ઞાન વિના બીજી ચીજ છે એમ જાણે કોણ? અનંતા ગુણો આત્મામાં છે. પણ બીજા ગુણો સ્વને નથી જાણતા અને એ ગુણો જ્ઞાનને પણ નથી જાણતા. અનંતા ગુણોને જાણવાનો સ્વભાવ એ જ્ઞાનમાં છે.

'**જ્ઞાન, સર્વ ગુણોંમેં બડા ગુણ હૈં; ઉસમેં અનંત ગુણ પ્રકટ જાનનેમેં આતે હૈં.**' જુઓ શું કહ્યું? અનંતા ગુણોને જાણનાર આત્મામાં દર્શન-આનંદ-ચારિત્ર, કર્તા-કર્મ-કરણ, દ્રવ્યત્વ-પ્રમેયત્વ-અગુરુ-લઘુત્વ-વસ્તુત્વ—એવા અનંતા ગુણો જ્ઞાન વ્યક્તપણે જાણે. વ્યક્ત નામ પ્રગટ જાણે. આ પ્રગટ છે એવું જ્ઞાન જાણે. બીજા ગુણોમાં એવી તાકાત છે નહિ. માટે કહે કે '**જ્ઞાન, સર્વ ગુણોંમેં બડા ગુણ હૈ ઉસમેં અનંત ગુણ પ્રકટ જાનનેમેં આતે હૈં.**' વાત સમજાય છે? શેની વાત ચાલે છે આ? એ અનુભવપ્રકાશ. કહે છે કે આત્મા જ્ઞાનસ્વભાવ ત્રિકાળ છે. એક જ વાત તારી વાત લપ મૂકી દે બીજી. નિમિત્તની અને સંયોગની લપ મૂકી દે. તારી શક્તિ તારામાં પડી છે. તારી શક્તિ તારા ઉકેલમાં. ઉકેલ કર, ઉકેલ કર. ઉકેલ સમજો છો ને? ઉકેલને શું કહે છે? ઉકેલના-નિકાલના. અમારી ભાષા જરી જુદી. સુતરનું નથી હોતું? કોકડા હોય છે ને? સુતરના કોકડા. વચ્ચે એમાં ઉકેલે છે. એમ ચૈતન્યશક્તિ પડી છે. એનો ઉકેલ કર. ઉકેલ કર નામ ખોલ. ખોલ અંદરમાં ચૈતન્ય શક્તિ બિંબ પડ્યું છે. એની પ્રતીત ને જ્ઞાનની એકાગ્રતા વડે ખોલ. પણ એ જ્ઞાન અનંતાગુણને વ્યક્ત જાણે છે. એની તાકાત એટલી છે.

'**અનંતગુણ પ્રકટ જાનનેમેં આતે હૈં.**' શું કહ્યું? હજી ગુણો પર્યાયમાં પ્રગટ્યા નથી. છતાં પણ અનંતા ગુણો આવા મારામાં છે એમ જ્ઞાન વ્યક્તપણે પ્રગટપણે જ્ઞાન બધા ગુણોને જાણે છે. જ્ઞાન વિના જ્ઞેય ન જાણ્યા જાય. ન જાણ્યા. જ્ઞાન વિના જ્ઞેય જણાય નહિ. જ્ઞાન

જો ન હોય તો આ લાકડું છે, આ પ્રકાશ છે એમ જાણ્યું કોણે? આ (જડ) પ્રકાશ છે એને આ (ચૈતન્ય) પ્રકાશે જાણ્યું. ચૈતન્યનો પ્રકાશ. આ પ્રકાશને ભાન નથી કે હું કોણ છું. એ તો જડ છે બધું. ચૈતન્યના પ્રકાશમાં એના અનંતા ગુણો, ગુણ-પર્યાય અને જડાદિ બધું જણાય છે. **'જ્ઞાનકે બિના જ્ઞેયકા જ્ઞાન નહીં હોતા,...'** માટે જ્ઞાનનું અસ્તિત્વ અને એનું સામર્થ્ય સિદ્ધ કરે છે.

**'જ્ઞેયકે બિના જાનને યોગ્ય કુછ ભી નહીં હોતા,...'** અને જો જ્ઞેય ન હોય તો જાણવાયોગ્ય કોઈ વસ્તુ રહેતી નથી. જ્ઞાન વિના જણાય નહિ અને જ્ઞેય વિના જણાવાયોગ્ય ન હોય. અહીં તો આત્માનું જ્ઞાન જ જ્ઞેય છે અને આત્માના અનંતાગુણો પણ જ્ઞેય છે. એવું જ્ઞાન જાણનાર છે. જાણનાર જ્ઞાન, એને જ્ઞાન પોતે જ્ઞેય અને અનંતાગુણો પણ જ્ઞાનના જ્ઞેય છે. સમજાય છે?

**'જ્ઞેયકે બિના જાનને યોગ્ય કુછ ભી નહીં હોતા, ઉસલિયે જ્ઞાન પ્રધાન હૈ;...'** જ્ઞાન શું કરવા અનંતાગુણોમાં મુખ્ય કહ્યું? જ્ઞાન ન હોય તો બધું જાણે કોણ? માટે જ્ઞાનગુણને પ્રધાન કહ્યું છે. **'અનંત ગુણાત્મક વસ્તુ તથાપિ જ્ઞાનમાત્ર હી હૈ.'** જુઓ! શું કહે છે? ભગવાન આત્મા અનંતગુણાત્મક વસ્તુ છે. અનંતગુણસ્વરૂપ વસ્તુ છે. તોપણ તેને જ્ઞાનમાત્ર કહ્યું છે. જ્ઞાનમાત્ર કહી દીધું. મુખ્ય ગુણ છે, પ્રધાન ગુણ છે, એ સ્વપરપ્રકાશક છે, અસાધારણ છે, એના સિવાય બીજો કોઈ ગુણ એવો નથી. એક જ્ઞાન જો ન હોય તો આ જગતમાં બધું આંધળું. આંધળું હતું એમ નક્કી કોણ કરે? આ નથી ને આંધળું નથી એ નક્કી કોણ કરે? જુઓ ચૈતન્ય પ્રકાશ. એક આત્માનો જાણવાનો સ્વભાવ. એમાં અનંતાગુણો અને સ્વ પોતે જ્ઞેય તરીકે જણાય છે.

**'આચાર્યને અનેક ગ્રંથોમેં આત્માકો ઐસા કહા હૈ.'** .. જ્ઞાનને આત્મા જ કહ્યો છે. આચાર્યે 'સમયસાર આદિ' ઘણા ગ્રંથોને વિષે જ્ઞાન એટલે આત્મા. આ આત્મા **'आत्मा ज्ञानं स्वयं ज्ञानं'** શ્લોક આવે છે ને?

आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानदन्यन्करोति किम्।
परभावस्य कर्तात्मा महोऽयं व्यवहारिणाम्।।

ભગવાન આત્મા જ્ઞાન છે. પછી તો ભેદ પાડીને વાત કરી. સ્વયં જ્ઞાનં. પોતે જ જ્ઞાનસ્વરૂપ છે. અનંતાગુણાત્મક હોવા છતાં એકલો જ્ઞાયક જ વિભૂ તરીકે વ્યાપીને રહ્યો છે. અનંતા ગુણોમાં જ્ઞાન વ્યાપીને રહ્યું છે. માટે એ અપેક્ષાએ આખો જ્ઞાન જ આત્મા કીધો છે.

**'આચાર્યને અનેક ગ્રંથોમેં આત્માકો...'** આત્મા કોને કહ્યો? ઓલા જ્ઞાનને. **'કહાસે? કિ...'** **'लक्षणप्रसिद्धया लक्ष्यप्रसिद्धयर्थम्'** **'(લક્ષણકી પ્રસિદ્ધિ દ્વારા લક્ષ્યકી પ્રસિદ્ધિ કરનેકે લિયે આત્માકા જ્ઞાનમાત્રરૂપસે વ્યપદેશ કિયા જાતા હૈ)'** જ્ઞાન તે લક્ષણ છે અને આત્મા તે લક્ષ્ય છે. અનંતા ગુણો જણાવા યોગ્ય છે. લક્ષણની પ્રસિદ્ધિ, લક્ષ્યની

પ્રસિદ્ધિને માટે જ્ઞાનને આત્મા કહ્યો છે. 'સમયસાર'માં આવે છે આ વાત. એ જ્ઞાનલક્ષણ પ્રસિદ્ધ છે. કારણ કે સ્વપરને જાણે છે. અને એના પ્રતીતના લક્ષે આત્મા દ્રવ્ય તે અનંતગુણનો પિંડ એ જ્ઞેય પ્રસિદ્ધ થાય છે. એ '**लक्षणप्रसिद्धया लक्ष्यप्रसिद्धयर्थम्**' જણાવાયોગ્યની પ્રસિદ્ધિ લક્ષણ વડે થાય છે. માટે જ્ઞાનને ભગવાન આચાર્યોએ આત્મા તે જ્ઞાન (એમ કહ્યું).

હવે દાખલો આપે છે. '**જૈસે, મંદિરકો શ્વેત કહા જાતા હૈ.**' જુઓ! અહીં તો ધોળું થાય છે ને બધું? ધોળું મંદિર. ધોળું છે મંદિર? ... વર્ણ છે. શ્વેત મંદિર, ધોળો બગલો, ધોળું મંદિર. '**મંદિરકો શ્વેત કહા જાતા હૈ.**' પણ મંદિરમાં ધોળા આદિ અનેક ગુણ હોય છે. સમજાય છે કાંઈ? ..ભાઈ! શું કહે છે? મંદિરને ધોળું કહ્યું. એ કઈ અપેક્ષાએ? આમ તો રંગ્યો છે જુઓને, ધોળો બંગલો એમ કહે કે નહિ? મોહનભાઈનો બંગલો ધોળો છે એમ કહેવાય. એમાં તો ઘણાય રંગનો છે. પરમાણુ પણ ઘણા છે. ધોળો તો મુખ્યપણે એમાં રજકણો રાતા, પીળા, લીલા તો ઘણા બધા છે. પણ મુખ્યપણે મંદિર શ્વેતના લક્ષણ વડે મંદિર આખું લક્ષ થઈ જાય છે. માટે મંદિર શ્વેત કહીને '**મંદિરકો શ્વેત કહા જાતા હૈ. તથાપિ દૂસરે શ્વેત ગુણ દ્વારા ભાસતા હૈ,...**' છે તો ઘણા ગુણ મંદિરમાં ધોળા આદિ. છેટે ધોળું દેખાય. ઓહો..! ધોળા-ધોળા ભાઈ. જુઓને, સ્ટેશનથી માણસો કહે છે કે ધોળું-ધોળું ત્યાં દેખાય છે સોનગઢમાં. માણસ નીકળેને બે-ત્રણ ગાઉથી દેખાય ધોળા મંદિર. એ એમ કહે ત્યાં મંદિર છે. ભગવાનની પ્રતિમા છે એટલે ધોળા મંદિર. ત્યાં તો પાંચેય વર્ણ છે. પણ ઘણા ગુણ હોવા છતાં શ્વેતની મુખ્યતાથી એને શ્વેતગુણ કહી ભાસે તેથી મુખ્યતાથી એ મંદિરને શ્વેત કહ્યું. એમ આત્માને પ્રસિદ્ધ જ્ઞાન છે. શેઠ! મંદિરનું દૃષ્ટાંત આપ્યું. બધા ગુણ છે ને એમાં. પણ એને શ્વેત કહ્યું. એમ આત્મામાં તો અનંત ગુણ છે. પ્રસિદ્ધ લક્ષણ જ્ઞાન છે. જો ભાઈ તું જાણે છે કે નહિ? હા. એ જાણે છે તે આત્મા. એ જાણે છે તે આત્મા. એમ પ્રસિદ્ધ લક્ષણ આત્માનું જ્ઞાન છે. '**ઈસલિયે જ્ઞાનમાત્ર આત્મા કહા હૈ.**' માટે જ્ઞાનમાત્ર મુખ્ય તે—જ્ઞાન તે જ આત્મા બસ. જ્ઞાન તે આત્મા. એમાં અનંતાગુણ આવી જાય છે.

'સમયસાર'માં પણ ૪૭ શક્તિનું વર્ણન કર્યું તો જ્ઞાનમાં આવી પડેલી શક્તિ એમ કીધું છે. જ્ઞાનમાં આવી પડેલી હોં. જ્ઞાન જાણતા .. જાય છે. એટલે જ્ઞાન તે આત્મા. ભગવાન! તું આત્મા જ્ઞાન જ છો. તારામાં રાગ, દ્વેષ, પુણ્ય, પાપ, કામ, ક્રોધ વર્તે એ વિકાર છે. એ તારું સ્વરૂપ નથી. એકલો જ્ઞાનનો બિંબ ચિદાનંદ એ જ્ઞાન જ્ઞાનથી જણાય એવી તાકાત જ્ઞાન અનંત ગુણને જાણતું પ્રગટ થાય છે.

'**પ્રસિદ્ધ લક્ષણ જ્ઞાન હૈ ઈસલિયે જ્ઞાનમાત્ર આત્મા કહા હૈ.**' હવે કહે છે '**એક-એક ગુણકી અનંત શક્તિ,...**' આત્મામાં અનંતા ગુણ છે એનું જ્ઞાન .. એ જ્ઞાન અનંતાને જાણે. એક એક ગુણની અનંત શક્તિ, અનંતા ગુણને એક એક ગુણ નિમિત્ત થાય એવી

શક્તિ. એ જ્ઞાનગુણે તો અનંતગુણનું નિમિત્ત થાય છે ને? એક ગુણ... બધા ગુણ ઉપાદાન છે. ત્રિકાળ ગુણ નિમિત્ત. તો નિમિત્તની અપેક્ષાએ એક ગુણમાં અનંતા ગુણમાં નિમિત્ત થવાની તાકાત છે. એક એક ગુણ તે એક એક અનંત શક્તિ. અનંત પર્યાય ગુણની અને એક ગુણની અનંતી પર્યાય. શક્તિ અનંત. અને પર્યાય અનંત. સમજાય છે? જુઓ આ શેની વાત ચાલે છે? જ્ઞાન આ બધાને જાણે છે. જ્ઞાન બધું જાણે. અનંતાગુણની તાકાતને જાણે. અનંતાગુણની એક સમયની પર્યાયને જાણે અને જ્ઞાન પોતાને પણ જાણે. આવો જ્ઞાનસ્વભાવી આત્મા નક્કી કર તો અનુભવ થયા વિના રહે નહિ. અનુભવનું કારણ .. એ જ્ઞાનનો અંતર નિર્ણય કર કે હું આ છું. એનું નામ ધર્મ છે. બીજો કોઈ ધર્મ છે નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કાલની વાત નથી જાણતા...

ઉત્તર :- કાલની વાત નથી જાણતા, એ કાલ નથી જાણતો એવું જાણ્યું છે કે નહિ? નથી જાણતા એવું જાણ્યું કે નહિ? પ્રત્યક્ષમાં પરોક્ષ કાલ જાણશો. કાલે મંગળવાર છે એ આજે જાણ્યું છે કે નહિ? કોણ કહે છે કે નથી જાણતા? કાલે મંગળવાર આવશે એમ જાણ્યું છે કે નહિ? પરમ દિ' બુધવાર આવશે એ જાણ્યું છે કે નહિ? કાલે રવિવાર ગયો એ જાણ્યું છે કે નહિ? વર્તમાનમાં જાણ્યું છે કે કાલે રવિવાર હતો, આજે સોમવાર છે, કાલે મંગળવાર થશે. પૂરા ત્રણ કાળને પણ વર્તમાન જાણે છે. બસ અલ્પજ્ઞમાં પણ એ ત્રણ કાળને જાણે છે. .. ત્રણ કાળ ત્રણ લોકને .. જાણે એવી તાકાત છે.

બાળક લ્યો નાનું. તો એ બાળકને પણ ખ્યાલ છે કે રોટલી બનાવવી હોય તો દાળ... દાળ તો મગની દાળ જે પડી રહી છે. એના ખ્યાલમાં શું આવ્યું? કે આ દાળ કરશે, સદડી કરશે, નરમ કરશે. દાળ હોય છે ને દાળ? એ દાળમાંથી રોટલો થાશે એમ ખ્યાલ છે? આ દાળ .. દાળ થશે. આ દાળ પહેલા મગ હતા. એમાંથી ભૂકો થયો, પછી કટકા થયા. પછી સદડી. દાળ રોટલીમાં ખાય. એક કાળમાં ત્રણ કાળનું જ્ઞાન થોડું બધા જીવને હોય છે. એની તાકાત છે પણ એની એને પ્રતીત આવતી નથી.

કુંભાર. એક માટલું ઘડે. માટી–માટી. ખ્યાલ થયો કે માટી છે. માટીમાં ઘડો થશે એમ ખ્યાલ છે. આ માટીમાંથી ઘડો થશે. ... જ્ઞાનમાં એમ આવ્યું કે માટીમાંથી ઘડો થશે. થશે એમ જાણ્યું, તો ઘડો થાય તો કહે મારાથી થયો. જાણે છે કે માટીથી ઘડો થયો છે. પણ મિથ્યાદૃષ્ટિને જ્ઞાનના સ્વભાવની પ્રતીત નથી. સમજાય છે? ઓલું .. પાઠ છે કે નહિ? આમ આમ થાય છે. જ્ઞાન જાણે છે કે આમ થાય છે હોં. જ્ઞાન જાણે છે. આ, આ છે એ આમ થઈ જશે તે જાણે છે. જ્ઞાન જાણે છે કે આનો આત્મસ્વભાવ જાણવાનો છે. એમ આવું થવાનો ગુણ આવું થશે એમ જ્ઞાન જાણે છે. સમજાય છે? છતાં પણ અજ્ઞાન અભિમાન છોડતો નથી. જાણે છે કે આ આમ જ પગલા થાય. એક પગ પચાસ હાથ છેટો અને એક પગ પચાસ હાથ છેટો એમ જાણે છે જ્ઞાન? જ્ઞાન શું જાણે છે? એક પગ. પગ સમજ્યાને?

.. જમણો-ડાબો, જમણો-ડાબો. જ્ઞાન જાણે છે કે આવી પગની ક્રિયા થાય છે. જ્ઞાન પહેલાથી જાણે જમણો ઉપડ્યા પછી ડાબો પગ ઉપડશે. એમ જાણે છે. જ્ઞાન જાણે છે. ઉપડે, ઉપડશે, આ પ્રમાણે થાશે. જ્ઞાન જાણવાનું કામ કરે છે. છતાં .. કહે છે કે આ જ્ઞાને આ પગને ઉપાડ્યો ને આ મૂક્યો એ મૂઢતા થાય છે. સમજાય છે કાંઈ?

જ્ઞાન જાણે છે કે આ શરીર પુદ્ગલ છે. જ્ઞાન જાણે છે કે આની પર્યાય પલટવાનો સ્વભાવ છે. છતાં પલટવા વખતે માને છે કે મારાથી પલટી. મારાથી પલટ્યો. એ જ્ઞાનને જાણવાનો સ્વભાવ એ માનતો નથી. એમ કહેવા માગે છે. જ્ઞાનનો આવો સ્વભાવ છે પણ એ જાણતો અને માનતો નથી. એ જાણે છે માને છે એના ખ્યાલમાં આવી જવું જોઈએ કે મારો સ્વભાવ તો એકલો જાણવાનો છે, બીજું કાંઈ છે નહિ. કહો, સમજાણું?

**'એક-એક ગુણકી અનંત શક્તિ, અનંત પર્યાયેં, એક-અનેક ભેદાદિ સર્વકો જાનતા હૈ;...'** શું કહે છે? ગુણ સામાન્યપણે એક અને એની અનેક પર્યાયપણે બીજાને નિમિત્ત થવાની શક્તિપણે અનેક. એક એક ગુણ ગુણપણે સામાન્યપણે એક. એની શક્તિ અને પર્યાયપણે અનેક. એમ જ્ઞાન જાણે. એમ જ્ઞાન જાણે. આ જડ વસ્તુપણે પરમાણુ સામાન્યપણે એક અને એના ગુણ ને પર્યાયપણે અનેક. એ પર્યાય અનેક છે, થાય છે એમ જાણે. અનેકને કરું એ તો મિથ્યા અભિમાન વચમાં થાય છે. એ જાણવાનો સ્વભાવ છે તેમ માનતો નથી. બરાબર છે? જુઓ! આ જ્ઞાન. એક એક ગુણની અનંત શક્તિ. શક્તિ જાણે, શ્રદ્ધા કરે, સ્થિરતા કરે, આ ગુણની સ્થિરતાનો સ્વભાવ, આ ગુણનો શ્રદ્ધાનો સ્વભાવ. આ ગુણનો વીર્ય સામર્થ્યશક્તિને નિષ્પન્ન રાખવાનો સ્વભાવ. એમ ગુણ ગુણ સામર્થ્યને જાણે. આ ગુણ આમ પરિણમ્યો એમ જાણે. આ જડની પર્યાય થાય એમ જાણે. બીજો એનો સ્વભાવ છે જ નહિ. જાણવા છતાં તે તે કાળે એને એ ખ્યાલમાં આવી જાય છે મારાથી થયું. સમજાય છે?

કુંભારે માટી હાથમાં લીધી એને ખ્યાલ છે કે ઘડો આમાંથી થાશે. હવે જ્યારે ક્રિયા ઘડાની થવા માંડી ત્યારે જ્ઞાને જાણવું જોઈએ કે મેં જાણ્યું કે થાશે. એ થાય છે. થાશે તે થાય છે. થાશે તે થાય છે. પણ . છું લાવો જલ્દી. તો કહે છે કે શું કુંભાર વિના ઘડો થયો? કુંભાર વિના ઘડો થયો. ..શું ઘડો કુંભાર વિના થયો? કુંભાર વિના થયો. એ કુંભાર જાણે છે કે માટીમાંથી ઘડો થાય છે. માટીમાંથી કાંઈ દાળ-ભાત નથી થતા. માટીમાંથી કાંઈ શીરા-શીરા. શું કહે છે? હલવા. માટીમાંથી કોઈ હલવો નહિ થાય. એ જાણે છે. એમ થાય છે. માન્યું એમ થાય છે. પણ વખતે વખતે માટી ક્રિયા કરવા માંડી આમ આમ થવાની. કુંભારને અભિમાન થાય કે મારાથી થાય છે. એ સ્વભાવ નથી. એ જ્ઞાનનો સ્વભાવ નથી. જ્ઞાનનો સ્વભાવ તો અનંતાગુણને, પર્યાયને શક્તિને જાણવાનો છે. આમ જો નક્કી કરે તો અનુભવ થયા વિના રહે નહિ. એ વાત પછી વિશેષ કરશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)